
સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૮ સંવત ૨૦૭૩ માગશર, ડિસેમ્બર – ૨૦૧૬ અંક – ૧૨



આકરૂ ધામમાં તા. ૧/૧૧/૨૦૧૬ થી તા. ૭/૧૧/૨૦૧૬ સુધી શ્રીમદ્ ભાગવત કથામૃત રસપાન કરાવતા
પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષઃ ૩૮ / ડિસેમ્બર–૨૦૧૬/ અંક–૧૨


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્<br>કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | પ્રેમ એક–રૂપ અનેક<br>રજુ. જેરામભાઈ જે. ગુજરાતી (ચમારડી) |
| ૯ | ગુરુગીતા માહાત્મય<br>રજુ. દેવીકાબેન જે. (ઓઝરાળા) |
| ૧૨ | વિચારોનું વાવેતર<br>રજુ. કનુભાઈ બી. ઠાકર (સિધ્ધપુર) |
| ૧૨ | નિર્દોષ જીવનનુ રહસ્ય<br>લેખક : શિવ |
| ૧૫ | ભક્તિ<br>રજુ. અજીતસિંહ વીરમભા ગોહિલ (વસ્તડી) |
| ૧૬ | ચાર પ્રકારનાં ભક્તો<br>રજુ. જયેશ લલ્લુભાઈ મોણપરા (સેદરડા) |
| ૧૭ | ધર્મનું લક્ષણ : ધ્રીતિ<br>રજુ. વનિતા એન. સોહલિયા (ભીંગરાડ) |
| ૧૯ | સત્સંગ સમાચાર<br>સંકલિત |
| ૨૦ | સત્સંગ સમાચાર<br>સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર<br>સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર<br>સંકલિત |


જય સચ્ચિદાનંદ

ૐ

## સવારે ઉઠતી વખતે બોલવાનો મંત્ર

*''કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતીઃ*
*કરમધ્યે તુ ગોવિન્દઃ પ્રભાતે કરદર્શનમ્.''*
*આ શ્લોકવડે જમણા હાથનું દર્શન કર્યા પછી-*
*''સમુદ્રવસને દેવિ પર્વતસ્તન મંડિતે;*
*વિષ્ણુપત્નિ નમસ્તુભ્યં પાદસ્પર્શક્ષમસ્વમે''*

*આ શ્લોક વડે પૃથ્વી માતાની ક્ષમા માંગી, શયન સ્થાનનો પરિત્યાગ કરી, મધુર શીતળ જળથી ત્રણ કોગળા કરી, મુખ તથા ચક્ષુ ધોઈ આચમન કરવું. ત્યારપછી શ્રી ગુરૂ પરમાત્માની સ્તુતિરૂપ પ્રાતઃ સ્મરણ કરતી વખતે દંડવત પ્રણામ કરવા.*


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્તી :– કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ–નાસિક–૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

તો ભગતને તો ભગવાન મેળવવાના છે પણ જ્ઞાનીને તો ભગવાન મેળવવાના નથી પણ શું કરવાનું છે ? બોલો ? બનવાનું છે ? બોલો ? તો ભગતને તો ભગવાન મેળવવાના છે પણ જ્ઞાનીને તો ભગવાન મેળવવાના નથી પણ શું કરવાનું છે ? બોલો ? બનવાનું છે. રહ્યું યાદ ? બોલો ? ભગવાન જ્ઞાનીને તો ચોવિસો કલાક મળેલા છે. **''આસપાસ આકાશમાં વિશ્વપતિનો વાસ''** કેવળ મેળવવું એ તો સરળ જ છે પણ બનવું અઘરું છે. શું છે ? બોલો ? તમારે રાષ્ટ્રપતિને મંત્રીને મળવું હોય તો અહીંથી દિલ્હી કેન્દ્રની ઘરે પહોંચી જાવ તો મળી જાય પણ બનવું હોય તો ? કેટલી ચૂંટણી કરવી પડે ને કેટલી ધમાલ કરવી પડે ત્યારે.. એમ આ સંયમ, નિયમ, સદાચાર પાળો, આત્મબળ વધારો, અંદર બ્રહ્મ નિષ્ઠા કેળવો, કામ-ક્રોધ છોડો બ્રહ્મભાવમાં સ્થિર થાવ કેમ કે બ્રહ્મભાવમાં સ્થિર કોણ થઈ શકે ? બોલો ? કામ, ક્રોધ, લોભ, મોહ છોડે એ થઈ શકે. દેહ ભાવ આવે તો બ્રહ્મભાવ કોઈ દિ' ટકી શકતો નથી. **'હું આનંદ સ્વરૂપ છું.'** એમ સમજો તો કામના રહે ? બોલો ? એટલે રાવણ જ્યારે રામનું રૂપ ધારણ કરતો ત્યારે કામના શું થતી હતી ? બોલો ? મટી જતી હતી. તમે જ્યારે બ્રહ્મ ધ્યાન કરો. ત્યારે કામના મટી જવી જોઈએ અને કામના રહે તો તમે જીવ છો કોઈ દિ' બ્રહ્મ... કેમ કે કામના વાળો હોય એ જીવ કહેવાય અને કામના રહિત થયો હોય એ શિવ કહેવાય.

''पास बद्धो भवेत जीवो,
पास मुक्तो सदाशिव''

કે પાસમાં બંધાયેલો હોય આશાપાશમાં બંધાયેલો હોય એ જીવ છે અને આશાપાશથી છૂટેલો હોય એ શિવ છે. એટલે જો આશા, કામ, ક્રોધ, લોભ, મોહ હોય તો તો જીવ જ છે. અને કામ, ક્રોધ, લોભ, મોહ, મટ્યા હોય તો ભલે તમે હું શિવ નો કહો પણ દુનિયા તમને કહેશે કે આ તો શિવ જેવો જ થઈ ગયો છે. કેમ કે કામી હોય એ જીવ કહેવાય અને કામ જો જીત્યો હોય એને શું કહેવાય ? બોલો ?... એની મેળાયે તમે ન કહો તો દુનિયા કહેશે કે આતો શિવ જેવો થઈ ગયો છે. કેમ કે શિવે જેમ કામને જીત્યો એમ એણેય કામને જીતેલો છે. તો કામ, ક્રોધ, લોભ, મોહ અવશ્ય જીતવા જોઈએ. તો જ શાસ્ત્રમાં રહેવાય. એમ આ પ્રસંગમાં બતાવ્યું.

હવે, તૃતીય વલ્લી ભગવાનની દયા હશે તો આપણે આગળ શ્રવણ કરીશું અત્યારે આ ઉપનિષદો દ્વારા આપણા જીવનનાં અંદરના વિકારોને દૂર કરવા.

**મનના વિકારોને જીતીને, જીતે રાગ ને દ્વેષ,**
**વ્યવહાર કરે વિવેકથી, જરીએ નો રે લેપાય,**
**શાન્તિ મળે તેને શાશ્વતી...**

કામ, ક્રોધ, લોભ, મોહ એ મનના વિકારો છે રાગ-દ્વેષ છે એ બધાને જીતી અને વિવેક પૂર્વક વહેવાર કરવો. શરીર કરે છે હું કર્તા નથી. શરીરથી બધું થાય છે પણ મને થતું નથી. શરીરમાં સુખ-દુઃખ છે. મનમાં

સુખ દુઃખ છે મારા આત્મામાં સુખ દુઃખ નથી એવો વિવેક રાખીને ભગવાન રામ બધા કામો કરે, કૃષ્ણ બધા કામો કરે શંકરાચાર્યે બધા કામો કર્યા એમ તમે પણ તમારો વહેવાર કરો પણ નિષ્કામ ભાવે કરતાં રહો તો વહેવાર કરવા છતાં તમને કોઈ અશાંતિ ન રહે અને હંમેશા શાંતિ શાંતિ ને શાંતિ. એટલે ગ્રહસ્થાશ્રમના વહેવારો થતા રહે છતાં હંમેશા શાંતિ રહે વહેવાર કરવા છતાં બંધન નો રહે.

**કરવા છતાં એ કર્મો બાંધે ન એના ધર્મો**
**એ કર્મનો મર્મ સમજવા તમે આવો સત્સંગ દ્વારે**
**જીવનનો સાર સમજવા તમે આવો સત્સંગ દ્વારે**

**સર્વેત્રઃ સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખ**
**ભાગભવેત્ ।**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**
**:: द्वितीया वल्ली समाप्त ::**

**:: तृतीया वल्ली ::**

પ્રિય સજ્જનો,

પ્રત્યેક માનવને સુખની જરૂર છે. પ્રત્યેક જીવ સુખને માટે પુરુષાર્થ કરે છે.

**सुखार्थाः सर्वजन्तुनांमताः सर्वा प्रवतयः ।**
**सुखञ्च न विना धर्मात्तस्मात् धर्मरतोभवेत् ॥**

**''सुखार्थाः सर्वजन्तुनांमताः सर्वा प्रवतयः ।''**

જેટલી પ્રવૃતિ છે એ માનવના સુખ માટે છે કોઈને દુઃખ ગમતું નથી. **'सुखञ्च न विना धर्मात्तस्मात् धर्मरतोभवेत् ।'** કે ધર્મ વગર સુખ થતું નથી. એટલા માટે ધર્મ પરાયણ બનવું. પણ ધર્મ કોને કહેવાય ? અધર્મ કોને કહેવાય ? એ શેનાથી જાણવું ? તો કહે કે **''વેદોઽખિલો ધર્મ મૂલં''** વેદ એ ધર્મનું મૂળ છે. વેદનો ઉત્તમ ભાગ ઉપનિષદ્ છે જેથી આપણને આપણા કર્તવ્યની ખબર પડે હું કોણ છું ! એની ખબર પડે. એટલા માટે જ્ઞાન લેવા માટે તો પ્રત્યેક પ્રાણીને પોતાનું કર્તવ્ય સમજવું જોઈએ. તો ખાસ કરીને પ્રત્યેક પ્રાણીએ જગતમાં ધર્મને જાણીને ધર્મ પરાયણ થવું.

**ન ભરવા ભૂલના ભારા, સમજવા ધર્મના ધારા,**
**ખરૂં હિત હાથમાં ત્હારા,વિચારી ચાલજે વ્હાલા.**

(મહાત્મા કેશવજી)

તો હું કોણ છું એ જાણે પછી મારો ધર્મ શું છે ? એ જાણે. જ્યાં સુધી હું કોણ છું ? એ જણાય નહિ ત્યાં સુધી પોતાનો ધર્મ પણ સમજી શકાતો નથી કેમ કે તમને ખબર પડે કે હું માસ્તર છું તો ભણાવવું એ મારો ધર્મ છે. હું ક્ષત્રિય છું તો યુદ્ધ કરવું એ મારો ધર્મ છે હું વેપારી-વેશ્ય છું તો વેપાર કરવો એ મારો ધર્મ છે. એમ પોતે હું કોણ છું એમ ખબર પડે તો પોતાના ધર્મની કર્તવ્યની ખબર પડે એટલે 'હું' પણાને અંદરથી તત્ત્વજ્ઞાન મેળવવા માટે આ ઉપનિષદ્દો શ્રવણ કરવાના છે. આપણે અત્યાર સુધી કઠોપનિષદ્ શ્રવણ કરી રહ્યા છીએ કઠોપનિષદ્ની અંદર આપણે બે વલ્લીઓ પૂરી કરી અને ત્રીજી વલ્લીની અંદર સમજાવતા કહે છે કે-

**ऋतं पिबन्तौ सुकृतस्य लोके**
**गृहां प्रविष्टौ परमे परार्धे ।**
**छायातयौ ब्रह्मविदो वदन्ति**
**पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥ १ ॥**

॥ १-३-९ ॥

યમરાજા નચિકેતાને કહે છે શરીર રૂપી મકાનની અંદર બે રહે છે એક જીવ અને એક શિવ. એ બંને અંદર રહે છે એમાં એક કર્મફળ ભોગવે છે અને એક કર્મ ફળ ભોગવતો નથી તો જે કર્મફળને ભોગવવા વાળો છે એ જીવ છે અને જે અભોક્તા છે એ શિવ છે. બંને **''छाया तपौरिव''** કે એ બંને અજવાળું અને અંધકાર સમાન છે. એક અજવાળા સમાન છે અને બીજો અંધકાર સમાન છે. આ બંનેને બ્રહ્મવિદ્ જ્ઞાની પુરુષો બંનેનું વર્ણન કરે છે. એ આપણે પેલા શ્રવણ કર્યુ કે એક ઉપાધી વાળું અને એક અનુપાધિ-વાળું ચૈતન્ય. તો બંને અનાદિ કાળથી રહેલું છે. એટલા માટે જ્ઞાની પુરુષો એનું વર્ણન કરે છે. કર્મને જાણવાવાળા કર્મી પણ એનું વર્ણન કરે છે **''पञ्चाग्नयो''** નો અર્થ થાય ગ્રહસ્થા કે **''पञ्चाग्नयो''** નું જે ચયન કરવાવાળા જે હોય છે એ પણ એમ કહે છે કે આ બંને પ્રકારનું અંદર ચૈતન્ય રહેલું છે એમાં એક કર્મફળ ભોક્તા છે અને એક કર્મફળથી મુક્ત રહેલું છે.

**यः सेतुरीजानानामक्षरं ब्रह्म यत्परम् ।**
**अभयं तितीर्षतां पारं नाचिकेतम् शकेमहि ॥ २ ॥**

॥ १-३-२ ॥

**''यः सेतुरीजानानाम्''** કે યજમાન લોકોને જે સેતુ છે એટલે આધાર ભૂત છે એવો નચિકેત નામનો અગ્નિ જેનું ચયન કરવાથી માનવ સ્વર્ગમાં જાય છે અને એક પરબ્રહ્મ પરમાત્મા છે એને જે **''अभयं तितीर्षतां''** સંસાર તરવાની ઈચ્છાવાળા નિર્ભય થવા વાળાને માટે જે પરબ્રહ્મ પરમાત્મા છે એને જાણી શકે છે. તો એક યજ્ઞ કરીને સ્વર્ગમાં જઈ શકે છે અને એક બ્રહ્મને જાણીને મુક્ત થઈ શકે છે એ નિર્ભય બની શકે છે આ બે માર્ગ અનાદિકાળના વેદોમાં છે.

**द्वाविमौ वत पंथानौ यत्र वेदा प्रतिष्ठिता ।**
**प्रवृत्ति लक्षणो धर्मो निवृतिस्तु महाफलंम् ॥**

વેદોમાં બે માર્ગો બતાવેલા છે. કર્મનો માર્ગ અને જ્ઞાનનો માર્ગ. તો તમે કહો કે ઉપાસના. તો ઉપાસના બંનેમાં સહાયક ઉપાસના છે. કર્મ કરવામાં પણ ભગવાન સાથ આપે અને જ્ઞાન લેવામાં પણ સાથ આપે એટલા માટે ઉપાસના કરવી. ભગવાન કહો કે ગુરુ કહો બંને એક જ છે.

**કરીએ સદ્‌ગુરુની ઉપાસના,**
**ધરીએ અંતરમાં ધ્યાન (૨)**
**ફરી નહીં આવું ગર્ભવાસમાં,**
**એવું ગુરુ આપો મ્હને જ્ઞાન (૨)..કરીએ...**

(કરસનજીકૃત)

તો ભગવાનની ઉપાસના કહો કે ગુરુની કહો બંને એક જ છે. ક્યાંક ભગવાનની કહી તો એમાં જેમ **''ગુરુ ગોવિંદ એક રૂપ જાણો''** (શ્રી ગુરુ મહિમા) કે ગુરુને ગોવિંદ એક જ છે.

**''ગુરુ સાક્ષાત્ પરંબ્રહ્મ,તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥''**
એટલે
**''જ્ઞાનવિજ્ઞાનમુક્તિશ્ચ લભ્યતે ગુરુભક્તિતઃ ।''**

(શ્રી ગુરુગીતા)

કેમ કે જ્ઞાન ગુરુ ભક્તિ વગર થાય નહિ. કર્મનો માર્ગ પણ ગુરુ ભક્તિ વગર સમજાય નહિ. કર્મનો મર્મ સમજવો હોય તો ગુરુ ભક્તિ કરવી જોઈએ અને જ્ઞાન-તત્ત્વજ્ઞાન મેળવવું હોય તોય ગુરુ ભક્તિ કરવી જોઈએ એટલે ભગવાનની કહો કે ગુરુની કહો બેય એક છે. એટલા માટે કર્મ, ભક્તિ અને જ્ઞાન. તો કર્મ અને જ્ઞાન એ બંને માર્ગો છે. ભક્તિ એને માટે સહાયક ઉપાય છે. જો ભક્તિ હોય તો કર્મ માંય સફળ થાવ અને જ્ઞાનમાં પણ સફળ થવાય. એટલા માટે ભક્તિ ખૂબ કરતી રહેવી. જેનાથી મનુષ્યને કર્મ માંય સાથ મળે ને જ્ઞાનમાં પણ સાથ મળે તો **''રાગી કર્મણી અધિકૃત સ્યાત્ ।''** જે લોકો જગતના પદાર્થોનો રાગ રાખતા હોય એ લોકો કર્મના અધિકારી છે. એટલે એને કર્મ કરવા જોઈએ. કર્મ કરવાથી એને પોતાની ઈચ્છીત વસ્તુ મળે છે. કેમ કે રાગી જીવોને સંસારના પદાર્થોની ઈચ્છા હોય છે. અને પદાર્થો કર્મ વગર મળતા નથી.

**કર્મ પ્રધાન બિસ્વ રચિ રાખા,**
**જો જસ કીયા સો તસ ફલુ ચાખા,**
**સકલ પદારથ હૈ જગમાંહી,**
**કરમહિન નર પાવત નાહિ.**

(રામાયણ)

બધા પદાર્થો જગતમાં છે પણ કર્મ વગરના જીવોને મળતા નથી. ઘરમાં ભોજન હોય પણ મહેનત કર્યા વગર ભોજન પાકતું નથી. અને ખવાતું પણ નથી. ખાધેલું હોય એ પણ કર્મ કર્યા વિના પચતું પણ નથી. એટલા માટે જગતના પદાર્થોમાં જેને રાગ હોય એ કર્મનો અધિકારી છે. એને કર્મ કરવા જોઈએ. આલોકના ભોગ એકલા નહિ પણ સ્વર્ગના ભોગો પણ જેને જો'તા હોય તો એને પણ કર્મ કરવા જોઈએ. એટલે વેદોમાં ૮૦% મંત્રો કર્મના છે. કેમ કે કર્મ ઘણુંય વિશ્વમાં લાંબુ ફેલાયેલું છે. કેમ કે અન્ન મેય્વવું હોય તોય કર્મ કરવું જોઈએ. ધન મેળવવું હોય તોય કર્મ કરવું જોઈએ. પુણ્ય મેળવવું હોય તોય કર્મ કરવું જોઈએ.

હવે, ધ્યાનથી થોડું સાંભળજો. જ્યાં પરમાત્મા મેળવવાના હોય, પૂર્ણ મેળવવાનું હોય, અખંડ વસ્તુ મેળવવાની હોય ત્યા કર્મની જરૂર જ પડતી નથી. ત્યાં કર્મ છોડવા પડે છે. શું કરવા પડે ? બોલો ? પોતે પોતાનામાં રહેવું હોય તો બહારનું છોડવું પડે છે. બહારનું લેવું હોય તો કર્મ કરવું પડે અને પોતાનું લેવું હોય તો કર્મ છોડવું પડે. તમે ઊંઘો છો ત્યારે શું કરો છો ? બોલો ? છોડો છો ? ..... તો અંદરનું લેવું હોય તો બહારનું છોડવું પડે અને બહારનું લેવું હોય તો અંદરનું છોડવું પડે. જેમ તમારે જંગલ જોવું હોય તો ઘર છોડીને જવું પડે અને ઘરમાં રહેવું હોય તો જંગલને છોડવું પડે એટલા માટે બે માર્ગ અનાદિકાળના છે. કરવાનો અને સમજવાનો. ક્યો ક્યો ? બોલો ? કરવાનો અને

સમજવાનો. તો જે લોકો હજી જગતના રાગી છે જગતમાં જેને મોહ છે એને તો કરવાવાળો માર્ગ પકડવો જોઈએ અને તમને (મોહ) હોય તો તમેય પકડજો. કોઈ આગ્રહ નથી ત્યાગવું પણ જો તમને સમજાતું હોય કે જો ઘણાંય જન્મો સુધી સંસારના કામો કર્યા છે ઘણાંય જન્મો સુધી સંસારના ભોગો ભોગવ્યા છે. હવે, મારે જન્મ-મરણના ફેરામાં પડવું નથી. મારે હવે અમર તત્ત્વ લઈ લેવું છે. મારે પોતાનું જ લઈ લેવું છે મારે પરાધીન થવું નથી. મારે બંધાવુ નથી મારે તો મુક્ત થઈ જાવું છે. એટલા માટે મુક્ત થવું હોય તો ગુરુની પાસે જઈને સમજણ પ્રાપ્ત કરવી.

**ગુરૂ ! મુક્ત થવાનો અપૂર્વ માર્ગ બતલાવજો રે,**
**ગુરુ મુક્ત...**
**ગંડુ બની બહુ કાલ ગુમાવ્યો,**
**અથડામણનો પાર ન આવ્યો,**
**એ અગવડની સરસ દવા સમજાવજો રે,**
**મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે,**
**ગુરુ મુક્ત...**
**ઊર્ધ્વ સ્થળે શુભ વૃત્તિ ચડે છે,**
**અનેક વિઘ્નો આવી નડે છે,**
**આ અગવડની સરસ દવા સમજાવજો રે,**
**ગુરુ મુક્ત...**
(સંત શિષ્ય કૃત)

તો મુક્ત થવાનો માર્ગ છે તત્ત્વજ્ઞાન.

**''ऋते ज्ञानान्नमुक्तिः''**
**''तमेव विधित्वाऽति मृत्युमेति**
**नान्यः पंथा विद्यतेऽयनाय ॥''**
(શ્વેતાશ્વેતરોપનિષદ્-૩-૮)

કે પરમાત્માને જાણવાથી જ મુક્તિ થાય છે. બીજો કોઈ મુક્તિનો ઉપાય નથી. તો તમે કહો કે ભક્તિ ? તો ભક્તિથી જ ભગવાન જણાય છે. શેનાથી જણાય ? બોલો ? તો ભક્તિ ખૂબ કરવી અને કર્મ પણ કરવા. કર્મ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. પણ કર્મ નિષ્કામ કરવા જોઈએ. એટલે નિષ્કામ કર્મ, નિષ્કામ ભક્તિ કરે એને જ્ઞાન થાય અને જ્ઞાન થાય ત્યારે મુક્તિ થાય છે. ખૂબ નિષ્કામ કર્મ પણ કરવા અને ખૂબ નિષ્કામ ભગવાનની ભક્તિ પણ કરવી. પણ જ્ઞાનનું લક્ષ રાખીને કરવા. કયું લક્ષ રાખીને ? બોલો ? જો જ્ઞાન વગરની આંધળી ભક્તિ હશેને તો ગમે એટલા જન્મ સુધી કરશો તોય પાછા એવાને એવા. એમ જો સમજણ વગરના કર્મો હશેને તો કુટાઈ મરશો.

**''કર્મે કુટાઈ જાશો રે, સમજણ વિના.''**

સમજ્યા વગરના કર્મો હશે તો જીવને મતિ મારે છે. એટલા માટે જ કર્મના બંધનમાં ન પડતા પોતાના સાચા સ્વરૂપની અંદર સ્થિર થવાને માટે ઉપનિષદ્‌નો માર્ગ છે. તો જાણીને મેળવવું ને કરીને મેળવવું. યાદ છે ને બોલો ? તો કરીને તો જે બહાર હોય એ મેળવવાનું હોય અને અંદર હોય એ જાણીને (સમજીને) મેળવવાનું હોય. તો અંતર તત્ત્વ જે પરમાત્મ તત્ત્વ છે એ જાણવાનો પણ માર્ગ આપણે કરી શકીએ એમ છીએ અને યજ્ઞ કરીને સ્વર્ગના સુખો પણ મેળવી શકીએ છીએ. ખેતી, વેપાર, ધંધો કરીને અંદરનું બ્રહ્મજ્ઞાન પણ મેળવીને આપણે સંસારના કામો અન્ન-જળ-ફળ પણ મેળવી શકીએ છીએ. તો બાહ્ય કર્મો કરવાથી અન્ન જળ ફળ મળે, યજ્ઞ, દાન, પુણ્ય કરવાથી સ્વર્ગના સુખો મળે અને બ્રહ્મજ્ઞાન આત્મજ્ઞાન મેળવવાથી મોક્ષ મળે. જન્મ-મરણના ફેરામાંથી છૂટી જવાય. તો આ ત્રણેય ભાગો છે. એમાં રાગી હોય એ તો કર્મના અધિકારી છે અને અર્ધ રાગી હોય ને અર્ધ ત્યાગી હોય ને એ લોકો ભક્તિના ને સ્વર્ગ વગેરેના અધિકારી છે. પરલોકના અધિકારી છે. કેમ કે એને અર્ધો ત્યાગ શું કહેવાય કે હવે,. મારે જગતના ભોગો ભોગવવા નથી મારે પરલોક સુધારવો છે. તો એને આ લોકનો વૈરાગ્ય છે. પણ હજી પરલોકનો વૈરાગ્ય એને નથી એટલે એને અડધો વૈરાગ્ય અને અડધો રાગ કહેવાય. પૂર્ણ રાગ હોય એને તો કર્મો જ કરવા જોઈએ. પણ અડધો રાગ અને અડધો ત્યાગ હોય એ ભક્તિ કરે. કર્મ-દાન કરે યજ્ઞ કરે એટલે પરલોક માટેના કર્મો કરે જે આપણે અત્યારે યજ્ઞ-દાન-પૂણ્ય (કુંભ) મેળામાં આવીને કરીએ છીએ ને એ બધું પરલોકને માટે છે. પછી ધીરે ધીરે એમ થાય કે હવે, મારે બીજો જન્મ જ નથી લેવો. હવે મારે ગર્ભમાં નથી આવવું મારે તો ભગવાનમય થઈ જવું છે. મારે આ બધા દુઃખોમાંથી છૂટી જવું છે. કેમ કે સ્વર્ગમાં જાય તોય પાછું પડવાનું દુઃખ છે. કેમ કે ઉપર ગયા પછી પણ,

**ક્રમશ...**

# પ્રેમ એક - રૂપ અનેક

રજૂ. જેરામભાઈ જે. ગુજરાતી
(ચમારડી)

॥ જય સચ્ચિદાનંદ ॥

પ્રેમ શબ્દ એટલો બધો ઉંચો છે કે એને ઈશ્વર પણ કહી શકાય છે. શ્રૃતિ કહે છે ? **रसो वैसू**, અર્થાત્- એ પરમ પિતા પ્રેમરૂપ જ છે જેના અતઃકરણમાં પ્રેમનું ઝરણું વહે છે, તેના માટે સમજવું જોઈએ કે તેના અતઃકરણમાં ઈશ્વર જ નિવાસ કરે છે. ઈશ્વર ભાવમય છે. અખિલ બ્રહ્માંડ એની છબી છે. છબીઓ, મૂર્તિઓ તો પ્રાણીઓ અને પદાર્થની હોય છે. ઈશ્વર નથી પદાર્થ કે નથી પ્રાણી. તે સર્વ વ્યાપક છે. એના મહિમાની અનુભૂતિ ભાવ-લાગણીઓમાં જ ઉતરે છે એટલા માટે ઈશ્વરની પ્રાપ્તિ માટે ભક્તિ માર્ગનો ઉપાય બતાવવામાં આવ્યો છે. ભક્તિનો, અર્થ છે-પ્રેમ-આત્મભાવ, સેવાભાવ ભક્તિની શરૂઆત ભલે સાકાર કે નિરાકાર રૂપમાં કરવામાં આવે પણ એનું વ્યાવહારીક સ્વરૂપ આત્મભાવ જ છે. આપણે પોતાની જાતને સૌથી વધારે પ્રેમ કરીએ છીએ. પોતાની સુખ સગવડો માટે સારાં-નરસાં ગમે તે કામ કરીએ છીએ. પોતાનું દુઃખ દૂર કરવા માટે કોઈ કુકર્મ કરવું પડે તો પણ સંકોચ થતો નથી. આ આત્મભાવ જયારે વિસ્તાર પામે છે ત્યારે એને પ્રેમયોગ કહેવામાં આવે છે. ઉચ્ચ કોટીના સ્વાર્થને જ પરમાર્થ કહેવામાં આવે છે. આત્મ કલ્યાણ માટે જે આદર્શ વાદી પ્રેરણપ્રદ કામ કરવામાં આવે છે, એને પણ આત્મપ્રેમ કહેવામાં આવે છે. તે જયારે 'સ્વ' ની સીમા ઓળંગીને વ્યાપક બની જાય છે તથા જયારે 'સ્વ' પ્રત્યે પોતાપણાનો ભાવ જાગે છે ત્યારે તે પણ પ્રેમી અથવા પ્રેમ પાત્ર બની જાય છે. જયારે આપણાં અંતઃકરણમાં બેઠેલો ઈશ્વર વ્યાપક બની જાય છે ત્યારે એનો આનંદ અને પ્રતિફળ પણ એટલા જ પ્રમાણમાં વધી જાય છે.

પ્રચલિત અર્થમાં પ્રેમ શબ્દ લગભગ મહાશક્તિના રૂપમાં રૂપાંતર પામ્યો છે. કોઈ સુંદર નર-નારી જોઈને મનમાં વાસનાત્મક ભાવ જાગે છે અને એને રાજી કરવા માટે જે પ્રપંચ રચવામાં આવે છે એને પણ પ્રમ કહેવામાં આવે છે. જો કે એ છે વ્યભિચાર. તે પોતાની સાથે બીજાને પણ પતનની ખીણમાં ગબડાવે છે. એને એક શબ્દમાં લિપ્સા કહી શકાય છે અથવા વિકૃત કામુક્તા પણ કહી શકાય છે.

સ્ત્રી અને પુરુષની વચ્ચે પ્રેમ હોય તો એ કોઈ ખરાબ વાત નથી પરંતુ તે ઉંમરના હિસાબથી માતા, બહેન, પુત્રીની કોટિનો હોવો જોઈએ. પત્નિ પ્રત્યે રમણી, કામિની અને વેશ્યાનું રૂપ હોવું જોઈએ નહિ. એના પણ મિત્ર, સાથી, સહયોગીના રૂપમાં જ અંગીકાર કરવો જોઈએ અને એ હળીમળીને એકબીજાના જીવનની પ્રગતિમાં મદદરૂપ બનવું જોઈએ. શાસ્ત્રોમાં કેટલાક ઠેકાણે સ્ત્રીની નિંદાનો ઉલ્લેખ આવે છે. એવા પ્રસંગોમાં એવું સમજવું જોઈએ કે જયારે સ્ત્રી-પુરુષ કામુકતાના નાગપાશમાં બંધાય છે ત્યારે બંને એકબીજાના જીવન તત્ત્વનું શોષણ જ કરે છે. બંને એકબીજાને શારીરિક અને માનસિક દ્રષ્ટિથી દુર્લભ બનાવે છે. દાંપત્ય જીવનમાં ઉંડો પ્રેમ તો હોવો જ જોઈએ. પરંતુ એનો હેતુ ફક્ત આત્મિયતા વધારવા તથા એ પ્રેમના માધ્યમથી સંયુક્ત જીવનને સુખદ અને સરસ બનાવવાનો હોવો જોઈએ. પુરુષ માટે પત્નિ સિવાયની બીજી સ્ત્રીઓ દેવી સમાન અને સ્ત્રી માટે પરપુરુષ વર્ગ ભાઈ સમાન હોવો જોઈએ. આ પવિત્રતાનું બંધન મજબૂત હોવું જોઈએ. વેશ્યા-રમણીની ઉત્તેજક ચેષ્ટ્રા જ એવી છે. જે મનુષ્યને પતનની ખીણમાં ગબડાવે છે.

આજકાલ પ્રેમનાં વખાણ સ્ત્રી-પુરુષની વચ્ચેના ઉત્તેજક આકર્ષણનાં રૂપમાં અને યૌવન સૌંદર્યનાં રૂપમાં જ કરવામાં આવે છે. કોઈને વૃધ્ધમાતા, દાદી અથવા નાની બહેનને શ્રધ્ધા અને પ્રેમ પાત્ર બનાવવામાં રુચિ નથી હોતી. આ આપણું એક દુર્ભાગ્ય જ છે.

ઉચ્ચ કોટીનો પ્રેમ તો બે પુરુષો અથવા બે સ્ત્રીઓ વચ્ચે પણ થઈ શકે છે ? કુટુંબની સીમામાં ભાઈ, ભત્રીજા, પિતા, કાકાના રૂપમાં અને સ્ત્રીઓમાં માતા, દાદી, કાકી, ભાભી, ફોઈ વગેરેના રૂપમાં પ્રેમ ફુલી ફાલી શકે છે ? પ્રેમ મોટેરાની સાથે શ્રધ્ધાના રૂપમાં અને નાનાની સાથે વાત્સલ્યનાં રૂપમાં પ્રગટ થાય છે. સજ્જન, સદ્ગુણી અને સેવાભાવી લોકોની

વચ્ચે પ્રેમને સન્માનજનક ભાવનાનાં રૂપમાં જોઈ શકાય છે.

કુટુંબની હદમાંથી બહાર નીકળીએ તો સમાજનો તે ભાગ આવે છે જે પોતાના સંપર્કનો છે. એમાં પાડોશી, પરિચિત, મિત્ર, સંબંધી વગેરે આવે છે. એમાંથી દરેકને અવસર આવ્યે મિત્ર-સંબંધીઓની જરૂર પડે છે. દુઃખ ભાગ પડાવવાની અને સુખ વહેચવાની વસ્તુ છે. આપણે પોતાનું સુખ વહેંચવું જોઈએ અને બીજાના દુઃખમાં ભાગ પડાવવો જોઈએ.

ત્યાર પછી આખા સમાજનું ક્ષેત્ર આવે છે. સમાજની દરેક વ્યક્તિ સુધી આપણે સહાનુભુતિ પહોંચાડી શકતા નથી. આર્થિક મદદ જરૂર કરી શકીએ છીએ. નિંદા કરવામાં આવે તો દુષ્ટતા દબાઈ જાય છે અને નિતીને પ્રોત્સાહન આપીએ તો એને નવું બળ મળે છે. સંસારમાં શું થઈ રહ્યું છે ? આ વિષયમાં આપણી આંખો બંધ કરીને બેસી રહેવું જોઈએ નહિ. આપણે યથા સંભવ સમર્થન અથવા વિરોધ કરવો જોઈએ. જેવી રીતે જન સમાજના કલ્યાણ અર્થેના કાર્યો માટે દાન-પુણ્ય કરવામાં આવે છે તેવી જ મનુષ્ય જાતિમાં ફેલાયેલી મૂઢ માન્યતાઓ, અંધ વિશ્વાસ અને દુષ્ટતાનો નાશ કરવા માટે સંઘર્ષ-વિરોધ કરવો અને કરાવવો જોઈએ.

દાક્તર રોગીનું ઓપરેશન કરે છે એમાં તે ચપ્પું (છરી) નો પણ ઉપયોગ કરે છે અને લોહીપણ વહે છે છતાં પણ એને કોઈ કસાઈ કહેતું નથી. કારણ કે એનો ઉદેશ રોગીને નિરોગી બનાવવાનો હોય છે. અનિતિની વિરુધ્ધ સંઘર્ષ કરવાનું કામ પણ દાક્તર જેવું જ છે. એનું એટલું જ મહત્ત્વ છે. જેટલું કે દાન-પુણ્ય, સેવા-સહાયતાનું.

પ્રેમની હદ ફક્ત મનુષ્ય સમાજ સુધી જ સીમિત નથી. આ ધરતી પર મનુષ્યની જેમ બીજા પશુ-પંખીઓ રહે છે. પશુ-પંખીઓ તો વિશેષ રૂપથી આપણા સંપર્કમાં રહે છે. દરેક ખેડૂત પાસે ગાય-ભેંસ, બળદ હોય છે. આ પ્રાણીઓ સાથે પણ આપણે એવો જ વ્યવહાર કરવો જોઈએ. જેવો કે મિત્રો-સંબંધીઓ-કુટુંબીજનો સાથે કરીએ છીએ. આપણે સૌ એક જ પરમ પિતાના સંતાન છીએ તે ભુલવું ન જોઈએ તો પછી ભેદભાવ શા માટે ? આ ઉચ્ચ કોટીનો પ્રેમ કરવા માટે મોહ-માયા, સ્વાર્થના બંધન ઢીલા કરવા પડે છે. કોઈ પણ પ્રાણી સાથે કરવામાં આવતો નિષ્ઠુર, નિર્દય, ક્રુર વ્યવહાર માનવતાનાં માથા પર કલંક સમાન છે. પ્રાણીઓ પછી સાધનો, પદાર્થોની વાત આવે છે. તે પણ પ્રાણીઓની સગવડ તથા સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવા માટે છે. જો એનો ખોટો ઉપયોગ કરવામાં આવશે તો તેનું પ્રતિફળ આખી સૃષ્ટિને ભોગવવું પડશે એટલા માટે સૃષ્ટિનાં પદાર્થોનો પણ જરૂર હોય તેટલો જ ઉપયોગ કરવો જોઈએ. પ્રેમનો આટલો વિસ્તાર થાય ત્યારે જ સમજવું જોઈએ કે આપણે સાચા અર્થમાં ભક્તિ ભાવનું મહત્ત્વ સમજ્યા છીએ. તેવું ફળી ભુત થાય છે માટે આજથી જ પ્રાણી-પાણી અને વૃક્ષ અને વાણીની જરૂર પુરતું જ છેદન અને ઉપયોગ કરીએ એ જ યર્થાર્થતા સહ મારા સર્વોને જય સચ્ચિદાનંદ...

## ગુરુગીતા માહાત્મય

રજુ. દેવીકાબેન જે.
(ઓઝરાળા)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજના અધિક માસમાં હરિદ્વારમાં આશ્રમમાં કથા સત્સંગ આધારિત.

ભગવાન શંકર અને પાર્વતીજીના સંવાદથી સુપ્રસિદ્ધ ગુરુગીતાનો વિચાર કરી રહ્યા છીએ. ભગવાન ગુરુનું માહાત્મ્ય બતાવે છે. પાર્વતીજી નવમાં શ્લોકમાં ભગવાનને પ્રશ્ન કરે છે અને આ વાત સૂતજી મહારાજ શોનકાદિ ઋષિઓને કહે છે. તમે મારા ગુરુ થાવ, હું તમારી શિષ્યા થાઉ. પતિ-પત્ની રૂપથી સંવાદ બહુ ઓછો છે. પાર્વતીજી કહે તમે મને ગુરુદીક્ષા આપો. “ગુરુ વિના નગુરો ફરે જન જેહ મુવા પછી ઢોર અવતરે તેહ.” જીવાત્માને માર્ગદર્શક જો ગુરુ ન હોય તો જીવન પશુ સમાન વીતે છે. ગુરુ આપણને મોક્ષ દેનાર છે. ગુરુ જીવનમાં હોવા બહું જરૂરી છે. પ્રત્યેક મનુષ્યે આ લોકની કર્મની પરીક્ષા કરીને આ સંસાર છે તે દુઃખદાયી

છે. તેમાંથી મનને હટાવીને એવો નિશ્ચય કરવો જોઈએ. આ સિદ્ધ પરમાત્મા મળવાના નથી. ગુરુ મારા બ્રહ્મબોધ પ્રાપ્ત કરીને આ શિવ છે એ પોતાના બ્રહ્મરૂપનો ઉપભોગ કરી શકે છે.

**''કેન માર્ગેણ ભોઃ સ્વામિન્ દેહી બ્રહ્મમયો ભવેત;**
**તત્કૃપાં કુરૂ મે દેવ નમામિ ચરણૌ તવ.''**

પાર્વતીજી ભગવાન શંકરને કહે છે. હે મારા સ્વામી, હે મારા ગુરુદેવ, આ જે દેહી એટલે દેહધારી જીવાત્મા છે તે પાર્માર્થિક રૂપે તો બ્રહ્મરૂપ છે એવું મેં સાંભળ્યું છે. વર્તમાન કાળમાં જીવભાવ થઈ રહ્યો છે તે કેમ છૂટે ને શિવભાવ પ્રાપ્ત થાય. ભગવાન આ પ્રશ્નનો ઉત્તર આગળ જઈને કહે છે. પાર્વતીજીએ પૂછ્યું કયાં માર્ગથી આ જીવ બ્રહ્મરૂપ થાય એ મારી પર કૃપા કરીને બતાવો. હે દેવ હું તમારા ચરણોમાં નમસ્કાર કરું છું. સેવા કરું છું. ભગવાનને પ્રસન્ન જોઈને પાર્વતીજીએ પ્રશ્ન પુછ્યો. હે અર્જુન પ્રણિપાત સેવા છે તે તત્ત્વદર્શી જીવાત્મા જીવને માર્ગ બતાવે છે. જીવ અત્યારે પણ બ્રહ્મરૂપ છે. ઉપનિષદોમાં તો ત્યાં સુધી કહ્યું જયારે જીવ સૂઈ જાય છે ત્યારે એ પરમાત્માની સાથે એક થઈ જાય છે. અત્યારે આપણે જાગ્રત અવસ્થામાં છીએ. હવે તમે રૂપમાં જઈ સૂઈ જશો તો સ્વપ્ન આવે અને સ્વપ્ન ન આવે તો સુષુપ્તિ અવસ્થા છે.

**મહાનુભાવજીએ મહેર કરી, સમજાવી સર્વે રીત**
**જાગ્રત સ્વપ્ન સુષુપતિ રે,**
**મુને ભાસ્યો રે, મુને ભાસ્યો છે તુરીયાતીત.**
**–બ્રહ્મગુરુદેવની આરતી**

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં ભગવાન કહે છે હું દ્રષ્ટા છું. જીવો પરમાત્મા સાથે એક થઈ જાય છે. કોઈ પુછે ભાઈ કયાં ગયા, તો ભાઈ સૂતા છે. તેની સાથે વાત ન થાય. સુષુપ્તિનો અનુભવ દરેકને એક સરખો થાય છે. સ્વપ્નમાં બધાને અનુભવ જુદો જુદો થાય છે. બધાનો આત્મા એક છે.  એક સરખો છે. એ વખતે જીવાત્મા છે તે સદ્રૃપ પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે.

શ્વેતકેતુ કહેવા લાગ્યો હે પિતાજી સુષુપ્તિ અવસ્થામાં બધા પરમાત્મામાં એક થઈ જાય તો પાછો સંસાર પ્રતિત કેમ થાય છે ? જાગે છે ત્યારે એવાને એવા હોય છે. આપણે ઘરેથી નીકળીયે તો ખ્યાલ રહે છે કે હું મારા ઘરેથી નીકળ્યો છું. જીવાત્મા બ્રહ્મની સાથે એકાકાર થઈ જતો હોય તો તેને જ્ઞાન રહેવું જોઈએ કે હું બ્રહ્મરૂપ થઈ ગયો હતો. વળી સંસારમાં આવ્યો. મધની માખએ વનસ્પતિમાંથી રસ ચૂસી પૂડામાં એકઠું કરે છે. એમાં આંબો, ગુલાબ, ફણસનો રસ છે પણ બધો એકઠો થયેલો છે. હવે તેને જુદો કરીને બતાવી શકાય નહિ. વૃક્ષને ખબર નથી કે હું અમુક વૃક્ષનો રસ છું. જીવને માયા આડી છે એટલે હું બ્રહ્મરૂપ છું એવું યાદ રહેતું નથી. જીવ તો બ્રહ્મરૂપ છે પણ કયાં માર્ગથી જીવાત્મા બ્રહ્મરૂપ થાય છે. પ્રશ્ન પુછી પાર્વતીજી ચૂપ થઈ ગયા.

**''શ્રી મહાદેવ ઉવાચ,**
**મમ રૂપાસિ દેવિ ત્વં ત્વદ્ભક્ત્યર્થં વદામ્યહમ્,**
**લોકોપકારકઃ પ્રશ્નો ન કેનાપિ કૃતઃ પુરા.''**

ભગવાન પહેલા પાર્વતીજીના પ્રશ્નની પ્રસંશા કરે છે. આપણાં બ્રહ્મલીન સ્વામીજી કહેતા કે આટલી વેદાંતની કથામાં કોઈએ એક પણ પ્રશ્ન કર્યો નથી. તો જિજ્ઞાસા હોય તો જીવને પ્રશ્ન ઊભો થાય. પ્રશ્નનું સમાધાન ન થાય તો ગુરુજીને પૂછવું. ગડરિયાના હાથમાં હીરો આવી જાય પણ તે હીરો બકરીના ગળામાં બાંધે છે. હીરાનો ભાવ ઘટતો નથી. હીરાની મહિમા શું છે તે ગડરિયાને ખબર નથી. તેથી તે બકરીના ગળામાં બાંધી દે છે. આમ જીવ સંસારમાં રચ્યા પચ્યા રહે છે. તેથી જીવને ભગવાન ગમતા નથી.

**''હરિભજન વિના, હરિભજન વિના,**
**દુઃખ દરિયા સંસારનો પાર ન આવે.''**

હરિભજન વિના સંસારનો પાર આવતો નથી. ભગવાન એકડા જેવા છે. સંસાર મીંડા જેવો છે. શરૂઆત મીંડાની આગળ એકડો હોય તો તેની કિંમત દસ ગણી વધી જાય છે. પરમાત્મા ન હોય તો સંસારની કિંમત નથી. શિવ મહિમ્નમાં ભગવાન મહિમા બતાવી છે. યદપિ ભગવાનના મહિમાને પાર આવે એમ છે જ નહિ.

**''અસિતગિરિસમં સ્યાત્ કજ્જલં સિંધુપાત્રે**
**સુરતરુવરશાખા લેખની પત્રમુર્વી ।**
**લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં,**
**તદપિ તવ ગુણાનામીશ ! પારં ન યાતિ.''**

સાત સમુદ્રની અંદર જેટલું જળ છે. તેને લખવા માટે ઈન્દુ અસિ બનાવી દેવામાં આવે, સંસારમાં જેટલા કાળા પર્વતો છે તેને દળી દળીને સમુદ્રમાં નાખવામાં આવે, કલ્પવૃક્ષની કલમ બનાવવામાં આવે, સાક્ષાત્ સરસ્વતિ લખવા બેસે, સમગ્ર પૃથ્વી રૂપી કાગળ પર લખ્યા કરે તો કાગળ ભરાઈ જાય તો પણ ભગવાનના મહિમાનો પાર આવતો નથી.

**મહિમ્નઃ પારં તે પરમવિદુષો યદ્યસદૃશી**
**સ્તુતિર્બ્રહ્માદિનામપિ તદવસન્ન સ્ત્વયિ ગિરઃ ।**
**અથાવાચ્યઃ સર્વઃ સ્વમતિપરિણામાવધિ ગૃણન્**
**મમાપ્યેષઃ સ્તોત્રે હર નિરપવાદઃ પરિકરઃ ॥**

ભગવાન તમારી મહિમાની કયાં હદ છે તે હું જાણી શકું અને કદાચ તમારી મહિમાને જાણ્યા વગર સ્તુતિ કરું અને ખોટી હોય તો બ્રહ્માજી કયાં તમારી મહિમા જાણે છે ? જો બ્રહ્માજીની સ્તુતિ ખરી હોય તો મારા પ્રમાણે મારી સ્તુતિ બરાબર જ છે. ભગવાનની મહિમાએ અપાર છે. તે સમજાય નહિ ત્યારે ભગવાનમાં અધિરૂચિ થાય છે. ભગવાનની મહિમા જાણવાની ઈચ્છા બહુ ઓછા જીવોને થાય છે. ભગવાન કહે છે કે હે દેવી, હે પાર્વતી તારા પહેલા લોકોનું કલ્યાણ કરવાનો પ્રશ્નની વાત કરી નથી. તું તો મારું જ રૂપ છે. તું તો મારાથી કયાં જુદી છો. પતિ પત્ની એકરૂપ છે. ભગવાનની મહાન સંસ્કૃતિ છે. પતિ-પત્ની એકબીજાના પૂરક છે. જોડાયેલા છે એટલે શબ્દ પ્રયોગ કરીએ છીએ કે લગ્ન કર્યા. લગ્ન એટલે જોડાઈ ગયા. અગ્નિ અને સગાસંબંધીની સાક્ષીએ એક થઈ ગયા, પૂર્ણ થઈ ગયા. એટલે પત્નીનું મૃત્યુ થાય તો એ પતિને વિધૂર કહેવાય. જેનું કેન્દ્ર ચાલ્યું ગયું, જેની બાજુ પુરુષનું જીવન હતું. ધરો અકબંધ હોય તો પૈડા ફરે છે. પત્ની છે એ પતિ માટે ધૂલ છે. પતિ-પત્ની એક થાય અને ઘર ન હોય તો પણ એ ગૃહસ્થાશ્રમ કહેવાય છે. મનુ સ્મૃતિકારે કહ્યું હર ઘર છે એ ગૃહસ્થાશ્રમ નથી. ગૃહિણીએ ગૃહસ્થાશ્રમ છે. પત્ની-પતિ સાથે એકાકાર થઈ જાય એટલે પત્ની બધું છોડી દે છે. પતિનું નામ લાગી જાય છે. જુદાપણાની વાત એતો વિદેશોમાં આવી છે. બેઉં એક રૂપ થઈ જાય તો ગૃહસ્થાશ્રમ સારો ચાલે છે. ભગવાન કહે હે પાર્વતી તું મારા રૂપ જ છે. મારાથી જુદી નથી. હું તારી ભક્તિને આધીન થઈને તારા પ્રશ્નનો ઉત્તર કહું છું. દેહથી સેવારૂપી નમસ્કાર, મનથી સેવા રૂપી શ્રધ્ધા અને વાણીથી સેવારૂપી સ્તુતિ એ ત્રણેય ભેગા મળે તો ત્રિપુરાસુરનો નાશ થાય. પ્રશ્નની પ્રસંશા કરી ભગવાન ઉત્તર આપે છે. ઉપદેશની પહેલા મંગલાચરણ કરે છે.

**''હંસાભ્યાં પરિવૃત્તપત્રકમલૈર્દિવ્યૈર્જગત્કારણૈ–**
**વિશ્વોત્તીર્ણમનેકદેહનિલયં–**
**સ્વચ્છન્દમાત્મેચ્છયા;**
**તત્તદ્યોગતયા સ્વદેશક્તનું ભાવૈકદીપાંકુરં**
**પ્રત્યક્ષાક્ષરવિગ્રહં ગુરુપદં ધ્યાયેદ્‌દ્વિબાહું ગુરુમ્''**

ભગવાન શંકર મંગલાચરણ કરે છે. મંગલાચરણથી વિઘ્નનો નાશ થાય છે. દરેક શુભ કાર્ય કરતાં પહેલા મંગલાચરણ કરવાની જરૂર છે. આત્મ કલ્યાણમાં બહુ વિઘ્નો આવે છે. ભક્તિ માર્ગમાં વધવા માટે બહુ વિઘ્નો આવે છે. નજીકમાં તો આપણી ઈન્દ્રિયોમાં જે દેવતા છે તે વિઘ્ન કરે છે. દેવતાઓને સારું નથી લાગતું કે મનુષ્ય મુક્ત થઈ જાય. મંગલા-ચરણ છે તે પરમ આવશ્યક છે. વિઘ્નનો નાશ થાય છે. હે પાર્વતી ધ્યાયેદ દ્વિબાહું ગુરુમ્ એટલે બે હાથવાળા ગુરુ છે, તેમનું ધ્યાન કરવું જોઈએ. ગુરુજી દેહ નહિ પણ અક્ષર સ્વરૂપ છે. જે કયારેય ખરે નહિ. તેને અક્ષર કહેવાય. આ દેહ ખરી જાય છે પણ આત્મા ખરતો નથી તે અક્ષર છે. પ્રત્યક્ષ એટલે જે આંખો દ્વારા દેખાય. ગુરુ છે તે અક્ષર, પ્રત્યક્ષ પરમાત્મા છે. આ દેહ છે તે સ્વેચ્છાએ ધારણ કરેલો છે. ભગવાન શંકર કહે છે એ ગુરુના મુખ કમળ બે નેત્રોથી વ્યાપ્ત છે. બે હંસથી વ્યાપ્ત જે પત્રકમળ છે. બે હંસ દ્રષ્ટિરૂપ, સમષ્ટિ રૂપ, નેત્રરૂપી પત્રોથી શુભોભીત મુખ કમળ છે. સંપૂર્ણ સંસાર છે. તેનું શરીર આત્મરૂપથી ગુરુજી વિદ્યમાન છે. જગતના કારણરૂપ દેહથી પ્રકાશિત છે. બધાને પ્રકાશિત કરવામાં આવે છે. જીવ જે ધારણ કરે છે તે નિમિત્ત છે. ભગવાન જન્મ ધારણ કરે છે. એ સ્વેચ્છાથી ધારણ કરે છે. જીવ એ પરિચ્છાથી ધારણ કરે છે.

**''યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત,**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥''**

## વિચારોનું વાવેતર

રજૂ. કનુભાઈ બી. ઠાકર
(સિધ્ધપુર)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

- અનિત્યાનિ શરીરાણિ વૈભવો નૈવ શાશ્વતઃ
  નિત્યં સંનિહિતો મૃત્યુઃ કર્તવ્યો ધર્મ સંચયઃ
- Life is Worth Living
  જીવન જીવવા લાયક છે.
- હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગેથી ઉતર્યુ છે,
  પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે કલાપી
- આ દુનિયા કસોટીનો સાગર તુફાની,
  હું નૈયા બન્યો છું, બન્યો છું સુકાની,
  ડૂબુ છું, તરૂં છું, કદમ લડથકે છે,
  મને જોઈને મારા દુઃખો પણ રડે છે.
- જિંદગીના કુરૂક્ષેત્રમાં પળ-પળનો સંગ્રામ,
  મનવા તુંહિ રાવણ અને તુંહિ રામ.
- ન્યાય સંપન્ન વૈભવ શાંતિનો રોટલો આપી શેક છે
- જિસકે વિના હમ ૧(એક) શ્વાસ ભી લે નહીં સકતે ઉસ આત્મા કો ચિંતા હમ પૂરે દિન મેં કિતની બાર કરતે હૈ ?
- પરહિત સરિસ ધર્મ નઈ ભાઈ. -તુલસીદાસ
- ચિંતા એ ઝેર છે, ચિંતન એ અમૃત છે.
- સાધક જયારે કાળને પી જાય છે, ત્યારે જ સાધના સફળ બને છે.
- માનવ જયારે બીજાને દગો કરે છે ત્યારે ખરેખર તો તે પોતાની જાત સાથે જ દગો કરતો હોય છે.
- જીવનમાં દુઃખ અને મૃત્યુ એ તો આ સંસારની ખાસિયત છે.
- મેળવવાની ચિંતા ન કરો પણ ઝૂકી જવાની તૈયારી રાખો.
- અંકુશ વગરની ઈન્દ્રિયો, અંકુશ વગરનું મન માનવીને પાપી બનાવે છે.
- પૂર્વ ભવનું પુણ્ય, આ ભવનો સાચો પુરુષાર્થ અને મનની સતત સાવધાની ચમત્કાર સર્જે છે.
- આંખ સુધરને સે મન સુધરતા હૈ, જીભ સુધરને સે જીવન સુધરતા હૈ । જીસકી જીભ સુધર ગઈ તો સમઝ લેના ઉનકા જીવન ભી સુધર ગયા.
- જિસને ખુદ કી આત્મા કો ના પહચાના ઉસને પુરી દુનિયા કો જાના તો ભી કયાં કામ કા.

## નિર્દોષ જીવનનુ રહસ્ય

લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

રોજ સવારે ઊઠતી વખતે એવો દ્રઢ નિશ્ચય કરો કે, આજે હું કોઈના પર ક્રોધ નહિ કરુ. તમારા નિશ્ચયને મજબુત રીતે વળગી રહેશો તો, તે દિવસે ક્રોધરૂપી ચાંડાલ તમારા પર પોતાનો પ્રભાવ નહિ પાડી શકે.

આજ નિયમ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય ઈત્યાદીને પણ લાગુ પડે છે.

તમારો નિશ્ચય આત્મશ્રદ્ધાની શકિત પર નિર્ભર હશે તો, ધારેલા ધ્યેય સુધી તમે જરૂર પહોંચી શકશો; કારણ કે નિશ્ચયના મહેલમા જ વિભુનો વાસ છે.

નિશ્ચય કરો અને બધા સાથે પ્યાર કરો.

કાંટાની જેમ કોઈના અંતરમાં ખુંચે એવી વાત ન કરો.

ખોટી નિંદા કરીને પારકા પાપોનો મેલ ન ધુઓ. કોઈનુ ભુંડુ ન ચાહો.

આથી પ્રેમમાં ખામી આવે છે અને વેરઝેરનાં ઊંડા પાયા રોપાય છે.

જ્યારે તમારા હૃદયમાં બીજાના દોષોને સ્થાન નહી મળે ત્યારે જ તમારુ હૃદય સાધુતાભરેલુ ગણાશે. તે વખતે તમે નરી નિર્દોષતાની મુર્તિ બની ગયા હશો.

અસલી નિર્દોષતાનુ નિવાસ શરીર યા વાણીમા નથી, પણ માણસના મનમા છે. જીભને ટેરવે મધ રાખતા ધુતારાઓ ધુતી લે છે.

જે શારિરીક વિનય અને મધુર વચનોમાં સ્વાર્થની ગંધ નથી અને પારકાના હિતને અનુલક્ષીને જ જેનો અમલ થાય છે તે વાણી જ નિર્દોષ છે. જ્યાં સુધી વિષયચિંતનરૂપી ભરતીમાં તણાતા જઈશુ ત્યાં

સુધી નિર્દોષતારૂપી મોતી નહિ મળે.

વિષયચિંતનના ઘેરામાંથી ચિત્તને મુકત કરો. વિષયોને મહાપુરૂષોએ કાતિલ વિષ (ઝેર) તરીકે ઓળખાવ્યુ છે. વાસ્તવિક રીતે તો, વિષ કરતાય વધુ વિનાશક છે. ઝેરનુ પાન કરવાથી તો માણસ એક જ વાર મૃત્યુને ભેટે છે; પરંતુ વિષયરૂપી વિષ તો જીવાત્માને પાપોની ઊંડી ખાઈમાં ધકેલીને વારંવાર મૃત્યુના ચક્કરમાં ઘુમાવે છે.

'વિષય' શબ્દ અહી 'સંસારના ભોગ્ય વિષયભોગો' સાથે સબંધ ધરાવે છે. જે મોહ અને મમતાના બંધનમાં જકડાઈને કેવળ ઈન્દ્રિયોની તૃપ્તિ માટે જ ભોગવવામા આવે છે, જે વિષયો મનુષ્યોની તમામ ઈન્દ્રિયોને પ્રભુ તરફ વાળીને તેને પવિત્ર બનાવે છે તે વિષયોને આની સાથે નિસ્બત નથી. આવા વિષયો તો અમૃતથી પણ અધિક મુલ્યવાન છે.

આવા પાંચ વિષયો છે-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ. વૈરાગ્યવૃત્તિમાં વૃદ્ધિ કરનાર, જગતના મોહને દૂર કરનાર, અજ્ઞાનના આવરણને ખસેડનાર, પ્રભુ પ્રત્યે અહૈતુક પ્રેમ જગાડનાર સંતો અને શાસ્ત્રોનાં 'શબ્દ'; વૈરાગ્ય વધારનાર, વિષયવાસનાનો વિનાશ કરનાર, પ્રભુના ચરણકમળોમાં ચિત્તને જોડનાર વનસ્થળી, આશ્રમભૂમિ, ગંગાતટની પવિત્ર ધુલિ, વલ્કલના વસ્ત્રો, મહાત્મા અને પરમાત્માની ચરણરજ આદીનો સ્પર્શ; વૈરાગ્યબુદ્ધિ જગાડનાર, ભગવાન તરફ મન ખેંચનાર, ભાંગ્યોતુટ્યો મહેલ, મૃત્યુશૈયામા પોઢેલા માનવીની ભયાનક મુર્તિ, સ્મશાન અને શ્યામસુંદરની વિભૂતિ વડે શોભતુ સૌંદર્યયુકત પુર્ણ સાત્ત્વિક 'રૂપ'; સ્વાદવૃત્તિનો સંહાર કરનાર, યોગમાર્ગમાં પ્રેરનાર, સાત્ત્વિકતારૂપી સંપત્તિમા ઉમેરો કરનાર, પ્રભુપ્રેમની જ્યોત પ્રગટાવનાર, સાત્ત્વિક પ્રભુપ્રસાદ અને લૂખા સાદા 'રસ'; તેમજ વૈરાગ્યનો માર્ગ દર્શાવનાર, રોગી શરીર અને મૃત દેહોની ગંધ તથા ભગવાનમાં રુચિ ઉત્પન્ન કરનાર મનોહર મૂર્તિની દિવ્ય 'સુગંધ'-આ વિષયો સાત્ત્વિક બુદ્ધિ વડે ગ્રહણ કરવા જેવા છે. તેનુ સેવન કરવાથી અંતઃકરણના દર્દો દૂર થાય છે અને ભગવદ્‌ભકિતમા આસકિત થાય છે.

પ્રભુપ્રેમનો અર્થ એવો નથી કે, જગતનો દ્વેષ કરવો. અલબત્ત, સંસારી જીવોની દ્રષ્ટીએ સંસારનુ જે સ્વરૂપ છે તે સ્વરૂપને પ્રભુપ્રેમીઓ કોઈ જુદી જ નજરે જુએ છે. ભગવાન પોતાની યોગમાયાનો પડદો ખસેડી લઈને તેની સામે પ્રગટ થાય છે; તેથી આખા જગતમાં તેને એક જ ભગવાનની ઝાંખી થાય છે આ વિચારથી પ્રેરાઈને તે અધિક ઉત્સાહથી, સર્વ કંઈ સર્વેશ્વરને સમર્પણ કરીને, વિશ્વરૂપ વિશ્વાત્માની સેવા કરે છે.

જ્યાં સુધી સ્વાર્થ છે ત્યાં સુધી તો સેવામાં ખામી રહેવાની જ ! પ્રભુપ્રેમીઓ સ્વાર્થથી પર હોવાથી તેમના દ્વારા જાણ્યે અજાણ્યે જે કંઈ ક્રિયા થાય છે તે લોકોનું કલ્યાણ કરનારી જ હોય છે. બીજી દ્રષ્ટીએ જોઈએ તો, આવા પુરૂષો જ સાચા અર્થમાં 'સ્વાર્થી' છે; કારણ કે, તેમનું પ્રત્યેક કાર્ય પ્રભુપ્રીત્યર્થે થાય છે.

વિષયપ્રેમી મનુષ્યને આપણે સ્વાર્થી તરીકે સંબોધીએ છીએ. પરંતુ વાસ્તવિક રીતે તે 'સ્વાર્થી' છે જ નહી. જે પોતાને હાથે જ પોતાનુ અહીત કરે છે, તે પોતાનો સ્વાર્થ સાધે છે એમ કેવી રીતે કહી શકાય ? તે તો ઈન્દ્રિયજન્ય ભોગોને ભેગા કરવામાં જ-ધન, સ્ત્રી, પુત્ર, સ્વાદીષ્ટ ભોજન, યશ, માન વગેરેના સંગ્રહમાં જ-રાતદીવસ રચ્યોપચ્યો રહે છે. પરંતુ એને એ ખ્યાલ નથી આવતો કે, વિષયોના સંયોગથી જે સુખ મળે છે તે છેવટે વિષવત્ (ઝેર જેવું) દુઃખદાયી નીવડે છે. જીભનો ચટકો, કુપથ્યસેવન ને વધુપડતા સ્ત્રી-પુરૂષ-સંભોગથી ડોકટરના મહેમાન બનવું પડે છે. લક્ષ્મીના લોભને લીધે અનેકવિધ મુશ્કેલીઓના શિકાર થવું પડે છે, અને માન સન્માન મેળવવામાં, પ્રપંચની પથારી પાથરવામાં તથા તેનાં પરીણામો ભોગવવામાં અસંખ્ય ઉપાધિઓનાં ભોગ બનવું પડે છે. છેવટે નરક તો છે જ ! આને સ્વાર્થનું નામ કેમ આપવુ એ શુ યોગ્ય છે ? આમાં તો સ્વાર્થનો સર્વનાશ સમાયેલો છે. જ્યાં સુધી આવા પ્રકારાનો સ્વાર્થ જીવતો છે ત્યાં સુધી સુખની આશા રાખવાનો અધિકાર નથી.

નાગર નરસૈયાએ એક પદમાં ગાયુ છે કે-

**હરિના જન તો મુક્તિ ન માગે,**
**જનમોજનમ અવતાર રે,**
**નિત્ય કથા, નિત્ય કીર્તન-ઓચ્છવ,**
**નીરખવા નંદકુમાર રે.**

પોતાના સ્વીકારની આશાએ મુકિત મહારાણી ભગવદ્‌ભકિતથી રંગાયેલા ભકતોને ઘેર આંટા મારતી હોય છે, છતાં ભકતોને તેની નજર નાખવાની પણ ફુરસદ નથી હોતી ! રિદ્ધિસિદ્ધિ પણ ભકતોના ઘરનાં પગથિયાં ઘસતી હોય છે, છતાં તેમને કોઈ આવકાર આપતું જ નથી ! આવા ભક્તોના મહામૂલી ભકિત મૂકીને મામૂલી માયાવી પદાર્થોમાં પ્રીતિ રાખે, એની કલ્પના પણ કેમ થઈ શકે ?

જ્યાં સુધી અશકય ન હોય ત્યાં સુધી વિષયસુખને કારણે જન્મેલા સ્વાર્થનો ત્યાગ કરો, ને જેને 'પોતાનું' માની બેઠા છે તે બધું પ્રભુનાં ચરણોમાં અર્પણ કરો.

જમે અને ઉધારનાં બંને પાસા જ્યારે સરખા થાય ત્યારે જ ખાતુ ચુકતે થયુ કહેવાય; તમે પુણ્ય અને પાપના ખાતા પ્રભુને સોંપી દીધા પછી ભકતોની શરણાગતિની અરજી પ્રભુ સ્વીકારે છે. જ્યારે આપવાનુ કંઈ જ બાકી ન રહે ત્યારે જ સાચુ સમર્પણ કહેવાય. જ્યા સુધી તમે પ્રભુથી કંઈ છુપાવી રાખવાનો પ્રયત્ન કરો છો ત્યાં સુધી સંપુર્ણ શરણાગતિ ન કહેવાય. માટે અંતરનો ખુણેખુણો તપાસીને પ્રત્યેક વસ્તુ ઈશ્વરને અર્પણ કરો. પછી જુઓ, તેની દયાદ્રષ્ટી વડે તમે કેવા પ્રકારના આનંદસાગરમાં ડુબી જાઓ છો !

આ દિવ્યરસનુ પાન કરવું એજ તમારા જીવનનો મુળ હેતુ છે, તે જ તમારૂ અસલી રૂપ છે. તમે વિકારી નથી. તમારામાં દુઃખનો પ્રવેશ નથી. આખું જગત ભલે બદલાઈ જાય, સમસ્ત પૃથ્વીનો પ્રલય ભલે થઈ જાય, પરંતુ તમારામાં કોઈ પરિવર્તન શકય નથી. દરરોજ સૃષ્ટિનુ સર્જન અને પૃથ્વીનો પ્રલય થાય છે. રાત્રે સુઈ જવું એ પૃથ્વીનો પ્રલય-વિશ્વનો વિલય થાય છે. અને સવારે ફરીથી જાગવું એ સૃષ્ટિનુ સર્જન છે. નિદ્રાની બંને અવસ્થાઓ-સ્વપ્ન અને સુષુપ્તિ- માં તેમજ જાગ્રત દશામા એકના એક જ હોવ છો. તમે બધાનો અનુભવ કરો છો, પણ તમારા જોવાના સ્વભાવમા કંઈ જ ફેર પડતો નથી. અલબત્ત, જોવા છતાં પણ પોતાને દ્રષ્ટા (જોનાર) સમજવાને બદલે તમે ભોકતા અને કર્તા (ભોગવનાર અને કરનાર) સમજો છો, ત્યાં જ તમારી ભુલનું મુળ રહેલું છે. આનું જ નામ માયા ! માયાનો અદ્રશ્ય પડદો ખસી ગયા પછી દિવ્ય જ્યોતિનુ દર્શન થતાં બહુ વાર નહી લાગે. જ્યાં સુધી તમારામાં તેને તોડવાની તાલાવેલી યા તમન્ના નથી જાગી ત્યાં સુધી જ તમે માયાનાં બંધનોમાં બંધાયેલા છો. માયા તમને વળગી નથી, તમે માયાને વળગી રહ્યા છો. તમે માયાનો વાંક કાઢો છો, માયા તમારો વાંક કાઢે છે. જે વસ્તુ જેની હોય તેને સોંપી દેવી જોઈએ. માયાની માલિકી પ્રભુની છે. તમે ગેરકાયદેસર રીતે તેના પર માલિકી દાવો ઠોકી બેસાડવા મથી રહ્યા છો. કોઈ પણ વસ્તુ તેના ખરા માલિકને સોંપ્યા પછી તમે નિર્ભય બની જશો, પ્રભુની ચીજ પ્રભુને પાછી આપી દીધા પછી તમારે માથેથી ભાર ઊતરી જશે.

પરંતુ કહેવુ પડશે કે, તમે માયાને મજબુત રીતે પકડી રાખી છે ! સ્વયં માયા છુટવા ચાહે તોપણ તમે તેને છુટકારો આપવા તૈયાર નથી ! તમને એ ખ્યાલ નથી હોતો કે, શરૂઆતમા નિર્દોષ જણાતી માયા, તમારા હૃદયમાં સ્થાન મેળવ્યા પછી, વામનમાંથી વિરાટ બને છે, અને તેની મોહક જાળમાં તમે માછલાની જેમ ફસાઈ જાઓ છો. સદ્‌ભાગ્યે સંતકૃપાનો સહારો મળે તો જુદી વાત છે; નહિ તો ફસાયા પછી છુટવાની કાચીપોચી કોશિશો તો જરૂર નિષ્ફળ નીવડે છે.

માયાને છોડયા પછી તમને પ્રભુને ખોળે ખેલવાનો અણમૂલો લ્હાવો મળશે. પરિચય પછી તો તમે તેના જ બની જશો અને તે પણ તમારો જ બની જશે. સ્નેહની સાંકળથી તમે અરસ-પરસ બંધાઈ જશો. છેવટે, જેમ દુધમાં રહેલી સાકર, સાકરપણું વીસરીને એકરસ થઈ જાય છે અને જ્યોતિમાં જ્યોતિ સમાઈ જાય છે તમે, તમે પ્રભુમાં સમાઈ જશો-તદાકાર બની જશો. તે પછી જે બને છે તેનુ અપમાન યા અટકળ કરવા કોઈ સમર્થ નથી.

વેદો પણ જ્યાં 'નેતિ' 'નેતિ' વદે, ત્યાં માનવીનું શું ગજુ ?

રજુ. અજીતસિંહ વીરમભા ગોહિલ
(વસ્તડી)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ આદરણીય પરમહંસ પરિવ્રાજકાચાર્ય મહામંડલેશ્વર પરમ પૂજ્ય માધવ પીઠાધિશ્વર સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના જે ગુજરાતનું પ્રયાગ ધામ કહેવામાં આવે છે. તેવા નર્મદામાતાના કાઠે ચાણોદ માધવાનંદ આશ્રમની અંદર અખંડ ધામમાં સ્વામીજીના ચાતુર્માસના માધ્યમ આધારીત.

પરબ્રહ્મ પરમાત્માની અનુકંપાથી આપણને મનુષ્ય જન્મ મળ્યો છે તે આ મનુષ્ય અવતારમાં આપણે અહીયા ચાતુર્માસમાં શ્રીમદ્ ભાગવતના માધ્યમથી આપણે અહીયા સત્સંગનો લાભ લઈ રહ્યા છીએ. અને તે સતસંગ દ્વારા આપણા જીવનનો ઉધ્ધાર થઈ શકે અને મોક્ષની પ્રાપ્તી મળે છે. તેવો મહાનગ્રંથ છે. અને સતસંગ સીવાય કોઈ બીજો એવો માર્ગ નથી કે જીવનનો ઉધ્ધાર થઈ શકે.

આ ભક્તિ માર્ગ સર્વે શ્રેષ્ઠ માર્ગ કહ્યો છે અને પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે કે પરમાત્માની ભક્તિ કરવી અને ભક્તિથી જ માનવનું કલ્યાણ થઈ શકે છે. અને ભક્તિ કરવી તો ફળ વગરની ભક્તિ કરવી અને અપેક્ષા વિનાની ભક્તિ જે ભાવથી કરવામાં આવે તો પોતાનો ઉધ્ધાર કરી શકે છે.

આમ આ જન્મની અંદર ભક્તિ કરી પરમાત્મા મેળવો કે ઘણા જન્મો બાદ ભક્તિ કરો પણ તેના સિવાય તમારો એટલે આ જીવનો ઉધાર થઈ શકે તેમ નથી અને સતસંગનાં માધ્યમથી ભક્તિ સિવાય બીજો સરળ રસ્તો એકઈ છે નહી.

પરમાત્માના ઋણમાંથી છુટવા માટે ભક્તિ સર્વ શ્રેષ્ઠ છે અને ભક્તિથી જન્મ મરણના ચક્કરમાંથી છુટી શકાય છે. અને ભક્તિથી જ મનુષ્યને જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને જ્ઞાનથી જ મનુષ્ય મોક્ષની પ્રાપ્તી મેળવી શકે છે. અને આત્માની ઓળખાણ થઈ જાય છે.

કપીલ ભગવાને પોતાની માતા દેહવૂતીને ભક્તિનું જ્ઞાન આપે છે અને ભક્તિના માધ્યમથી તેમનો સતસંગ દ્વારા જ્ઞાન આપી મોક્ષ પદની પ્રાપ્તિ થાય છે.

ભક્તિનાં પણ ત્રણ પ્રકાર છે. તામસ ભક્તિ, રાજભક્તિ અને સાત્વિક ભક્તિ. આમા સાત્વિક ભક્તિ સર્વશ્રેષ્ઠ છે. તેમાં પોતાને કયા પ્રકારની ભક્તિ કરવી તે પોતાને વિચારવાનું છે. અને આ ઉત્તમ ભક્તિ છે. તેથી બધાના હૃદયમાં ભગવાન કે પરમાત્મા રહેલા છે. તેવો સમાન ભાવ સતત રાખે અને મનને સતત પરમાત્મામાં રાખે તે ઉત્તમ છે અને કોઈની અંદર ભેદભાવ ના રાખે તે સર્વશ્રેષ્ઠ ભક્તિ છે અને જેને પરમાત્મા સિવાય કોઈ દેખાય નહી તે ઉત્તમમાં ઉત્તમ ભક્તિ છે.

જેમ ભક્ત પ્રહલાદજીને પરમાત્મા સિવાય બીજુ કાંઈ દેખાતું નથી તેવી રીતે પરમાત્મા પ્રત્યે સતત ભાવના રાખવી જોઈએ. તેથી ભક્ત પ્રહલાદજીને થાભલાની અંદર પણ પરમાત્માના દર્શન થાય છે અને પરમાત્મા દેખાવાથી તે પોતે પરમાત્મારૂપ થઈ જાય છે. તેવી રીતે ભક્તિના માધ્યમથી પરમાત્મારૂપ બની જવું જોઈએ.

સતસંગના માધ્યમથી ભક્તિ વધે છે અને ભક્તિથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી જીવનમાં પરમ શાંતી મળે છે આમ બધાની અંદર પરમાત્મા રહેલા છે તેવું જોવે તે ઉત્તમ ભક્તિ છે અને પોતાની અંદર પણ પરમાત્મા જ છે અને જે જીવ સર્વેની અંદર પરમાત્મા રહેલા છે તેમ માને છે તે માયાથી તરીને ભક્તિ દ્વારા જલદી જીવન મુક્ત બને છે.

આમ મનુષ્ય દુઃખ દૂર કરવા કર્મ કરે છે પણ દુઃખ દૂર થતું નથી અને સુખ મેળવવા મહેનત કરે છે પણ સુખ પ્રાપ્ત થતું નથી. તો આમ આપણા જીવનની અંદર શ્રોત્રિયને બ્રહ્મનિષ્ઠ ગુરૂની પાસે જઈને સતસંગ દ્વારા ભક્તિના માધ્યમથી જ્ઞાન મેળવી લેવું જોઈએ અને જ્ઞાન મેળવીને આત્માનો સાક્ષાત કાર કરી લેવો જોઈએ અને જન્મ મરણના ચકરમાંથી છુટી તે પોતાનો ઉધ્ધાર કરી લેવો જોઈએ.

ભક્તિનું બીજું નામ છે "પ્રેમ" આમ ભક્તિથી મોહ માયા મટાડવી જોઈએ. જો તેથી પણ મોહ માયા મટે નહી તો શું કામનું ? તેથી ભાગવતના માધ્યમથી ભક્તિ દ્વારા પોતાને મોક્ષપદના ભાગીદાર થવું જોઈએ.

આમ પરમાત્મા સર્વેના આત્મજ્ઞાનના ભાગીદાર બનાવે ને આ જન્મ મરણના ચકરમાંથી મુક્ત કરે તેવી પરમાત્માને પ્રાર્થના.

# ચાર પ્રકારનાં ભક્તો

રજુ. જયેશ લલ્લુભાઈ મોણપરા
(સેદરડા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય અર્ચનીય વંદનીય પ્રગટ પ્રભુ પરમાત્મા સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં વંદન.

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આપણે સત્સંગરૂપી અમૃતનું પાન કરીએ છીએ. આ સત્સંગ ઘણા જન્મના પુણ્ય હોય ત્યારે આપણને એનો લાભ મળે છે. પાપકર્મીને તો સત્સંગમાં જવાની ઈચ્છા પણ થતી નથી.

**''તારા પ્રગટ્યા છે પૂરણ પાપ,**
**તેને ભક્તિ નથી ભાવતી રે...''**

આપણે બધાએ કેટલા પુણ્ય કર્યા હશે જેથી આપણને આવા સર્વશ્રેષ્ઠ - શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ ભગવાન મળ્યા. અને એના મુખથી જયારે સત્સંગરૂપી અમૃતનું ઝરણું વહેતું હોય ત્યારે આપણે વાતોચીતોમાં, ગપ્પા મારવામાં, રખડવામાં, ફિલ્મો જોવામાં, ખાવા-પીવામાં સમય ન બગાડતા અમૃત-મયી વાણીનો લાભ લેવો જોઈએ. શ્રીમદ્ ભગવદ્ ગીતાના સાતમાં અધ્યાયનાં ૧૬ માં શ્લોકમાં કહેલું છે કે...

**ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોર્જુન ।**
**આર્તો જિજ્ઞાસુરર્થાથી જ્ઞાની ચ ભરતર્ષભ ॥**

ચાર પ્રકારના ભક્તો હોય છે. આર્ત, અર્થાથી, જિજ્ઞાસુ અને જ્ઞાની. આર્ત ભક્ત એને કહેવાય જે દુઃખમાં પ્રભુનું સ્મરણ અથવા ભજન કરે. અર્થાથી ભક્ત એને કહેવાય કે જે અર્થ અથવા ધનને માટે પ્રભુનું ભજન કરે. જિજ્ઞાસુ ભક્તને મુમુક્ષુ કહ્યો છે. જે ભગવાના સ્વરૂપને જાણવા માટે થઈને ભક્તિ કરે. અને જ્ઞાની કે જેને ભગવાન કેવા છે, કયાં છે, એનું સ્વરૂપ કેવું છે, આત્મ દ્રષ્ટિ રાખે એ જ્ઞાની ભક્ત કહેવાય. જ્ઞાની મોક્ષની કામના માટે ભગવાનનું ભજન કરે છે.

ભાગવતમાં ગજેન્દ્ર જેવા ભક્તોને આર્ત ભક્ત કહે છે. ધ્રુવ, જનક રાજા જેવા ભક્તોને અર્થાથી ભક્તો કહ્યા છે. આ બધાય ભક્તો ઉદાર એટલે કે શ્રેષ્ઠ છે પણ જ્ઞાની તો સાક્ષાત્ ભગવાન સ્વરૂપ જ છે. જ્ઞાની તો તન, મન અને ધનથી ભગવાનમાં પરોવાયેલો હોય છે.

**''તન મન ધન જેણે સોંપીયા, સદ્‌ગુરૂજીને હાથ,**
**કહે પ્રીતમ તે પામીયા, બ્રહ્મપદનો રે સાથ....**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી...''**

આથી આપણે જીવનમાં પ્રથમ કક્ષાએ સારા કર્મો કરી પુણ્યના કામો કરી અધિકારી બનવું જોઈએ. પાપીને સત્સંગનો લાભ મળવો જ અશક્ય છે. જીવનની અંદર પરમાત્માના ભજનને "મુખ્ય" બનાવો અને સંસારના કામોને "ગૌણ" બનાવો. અત્યારે તમે વ્યવહારમાં જોશો તો તનને જણાશે કે જયારે સદ્‌ગુરૂ ભગવાન આપણા શહેરમાં કે ગામમાં આવીને સત્સંગ કરતા હોય ત્યારે આની સગાઈમાં જવાનું છે, મારે તો મિત્રો સાથે ફરવા જવાનું છે, મારે તો આજે ફાર્મ હાઉસમાં પ્રોગ્રામ કરવાનો છે. આથી બધી વાતોને જો "મુખ્ય" બનાવીશું તો આપણે ભગવાનને કયારે યાદ કરીશું ? અત્યારે મોટા ભાગના લોકોને જોશો તો ભગવાનને એમણે ગૌણ બનાવ્યા છે. પણ એમને એ ખબર નથી કે ગમે ત્યારે આ જન્મમાં નહી તો કોઈ બીજા જન્મમાં, ભગવાને "મુખ્ય" બનાવવા સિવાય ઉધ્ધાર નહીં થાય.

**''દેહ મનુષ્ય ધરી (૨),**
**પ્રભુ નવ જાણ્યા તેણે સર્વસ્વ ખોવું,**
**મારા વ્હાલાજી (૨),**
**મહામણિ મેલિ પત્થર ચિત પ્રોયુ.''**
**''કાંઈ નહી લઈ આવ્યો સાથે,**
**કર્મ વડે રગડાતો,**
**મારૂ તારૂ કરતા કાલા,**
**કેમ નથી શરમાતો... પિયાવા કાંઠે...''**

વ્યવહારીક લગાવ ઓછો કરી, ભગવાનનાં ભજનમાં ધ્યાન આપો. ભગવાનનું ભજન એટલે શું ? ભગવાનનો આનંદ લેવો, ભગવાનમાં મન લગાવવું. નિરંતર આનો અભ્યાસ કરવાથી ભગવાન મુખ્ય બનશે અને વ્યવહાર ગૌણ બનશે.

ચાલો, આપણે વધુને વધુ પરમાત્માનો લાભ લઈએ, જીવનમાં સતકર્મો કરી અધિકારી બનીએ અને સદ્‌ગુરૂનું જ્ઞાન હૃદયમાં રાખીને જીવનમાં તેનું અનુકરણ કરીએ એ જ સદ્‌ગુરૂના ચરણોમાં પ્રાર્થના... સદ્‌ગુરૂ દેવ કી જય...

# ધર્મનું લક્ષણ : ધ્રીતિ

રજુ. વનિતા એન. સોહલિયા
(ભીંગરાડ)

**પરમ પૂજ્ય પરમહંસ પરિવ્રાજકાચાર્યશ્રી શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સ્વામીશ્રી ભૂમાનંદ સાગર મહારાજ ભીંગરાડ ગામે ચાર્તુમાસ દરમિયાન કરેલા સત્સંગ કથા આધારિત પ્રવચન.**

પરમ પૂજ્ય પરમ આદરણીય પ્રાતઃ સ્મરણીય વિવેક વૈરાગ આદિ વેદ-વેદાંત સકલ શાસ્ત્ર જ્ઞાનપ્રકાશક અજ્ઞાન અંધકાર વિનાશક જીવઈશ્વર એક ભવ દુઃખ વિનાશક બ્રહ્માનંદ પ્રદાયક નિત્યનિરંતર પરમ હિતકારી ભક્ત ઉધ્ધારક પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રીવિભૂષિત બ્રહ્મલીન સચ્ચિદાનંદ સ્વરૂપ સદ્‌ગુરૂ પરમાત્માના પરમ પવિત્ર ચરણ કમળોમાં કોટી કોટી વંદન ઉપસ્થિત ધર્મ પરાયણ ભાઈઓ તથા બહેનો અને ભક્તિમતી માતાઓ પરમ કૃપાળુ પરમાત્માએ આપણને દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય જન્મ આપ્યો છે. મનુષ્ય જન્મની અંદર ભગવાને સુંદર બુદ્ધિ આપી છે. બુદ્ધિ દ્વારા આપણે ધર્મના સ્વરૂપને જાણીને પોતાના આત્માનો અખંડઆનંદ અને પૂર્ણ આનંદ પ્રાપ્ત કરી શકાય છે. માનવ જીવનની અંદર બુદ્ધિ દ્વારા પોતાના સ્વરૂપને જાણીએ. હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? મારા માતા-પિતા કોણ છે ? મારું સ્વરૂપ શું છે ? આપણી ભારતીય સંસ્કૃતિ કહે છે તમારે મનુષ્ય જન્મમાં જો દુઃખથી છૂટવું હોય, તો ધર્મનું પાલન કરવું જોઈએ. એવી જ રીતે ત્રણ કાળની અંદર કોઈ પ્રકારનું દુઃખ આવે જ નહિ. કેમ કે સુખ જોઈએ છે કે દુઃખ બોલો ? ભગવાન પ્રગટ થયા હોય તો કહે માંગો. તો શું માંગો ? કોણ શું માંગે ? જમવા બેસો ને પીરસવાનું આવે ને નો બોલો તો શું લાગે ? કે ભાઈ શરમાય છે. એમ કહે ને ? સુખ જોઈએ કે દુઃખ ? તો તમે કઈ બોલો જ નહિ તો શું થાય ? આપણે ત્યાં કુંભ મેળો થાય છે. એ પાંત્રીસ કિલોમીટર લાંબો હોય ત્યાં એક ભાઈ ભૂલા પડયા. જયાં જવું હતું ત્યાં પહોંચી શકયા નહિ. એટલે તે દુઃખી થઈ ગયા. ત્યાં પોલીસ બહુ સેવા આપે. ૩ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ સરકાર પૂરો પાડે. સરકારી સેવા પણ બહુ જ હોય. ત્યાં સુવિધા બહુ જ હોય. ત્રીસ કિલોમીટર સુધી સંભળાય એવા સ્પીકરો હોય. આ ફલાણા ગામનો માણસ છે. ફલાણી જગ્યાએ છે. ભૂલો પડયો છે. જેનો માણસ હોય તે લઈ જાઉં. કોઈ ન લઈ જાય ને કોઈ પૂછે તારે કયાં જાઉં છે ? તારા ગુરુની છાવણી કયાં છે ? તારા ગુરુજીનું નામ ખબર નથી ? તારા પિતાનું નામ ખબર નથી ? તો પોલીસ કયાં લઈ જાય ? સરકારે પોલીસ મૂકી છે. સુવિધા પણ છે. જે વ્યક્તિ ભૂલી પડી છે. તેને યોગ્ય જગ્યાએ લઈ જવા માટે પોલીસને કોઈ વ્યક્તિ એમ કહે આ માણસ અમારો છે, તો પોલીસ ઘર સુધી પહોંચાડે તેમ છે. પણ ભૂલી પડેલી વ્યક્તિ એમ કહે મને ખબર નથી. તેને હવે રડવાનું જ રહેશે. એમ આપણને ભગવાન કહે તમારે શું જોઈએ છે ? તો આપણે પણ પહેલાની જેમ રડવાનું જ રહેશે. પેલા વ્યક્તિને કયાં જવું છે એની ખબર નથી. આપણે શું જોઈએ છે એની ખબર નથી. ભગવાને બુદ્ધિ આપી છે, તો બુદ્ધિનો સદ્‌ઉપયોગ કરવાનો. બુદ્ધિનો જેમ વધારે ઉપયોગ કરશો તેમ વધારે સુખી થશો. મજદૂર રાત-દિવસ રળે છે, તો આપણે તેને કેટલા રૂપિયા આપીએ છીએ અને ઓફિસમાં જે કામ કરે છે, તેને કેટલા રૂપિયા આપીએ છીએ ? એ.સી. રૂમ હોય, બેન્ક મેનેજર હોય, તો રોજના પાંચ હજાર મળે ને, હે ને ? ભગવાને બુદ્ધિ આપી છે. તો આપણે ધર્મના સ્વરૂપને સમજીને જીવનમાં આચરણ વધારીએ. ભગવાને માનવ જન્મ આપ્યો છે. તે સંસારરૂપી કુંભનો મેળો છે. આપણે આવ્યા છીએ. કોઈ પૂછે કે તમારું નામ શું છે ? તમારે કેટલા દીકરા છે તો શું કહો ? આવડતું હોય તો કહોને ? તમારું નામ ખોટું બોલો, પિતાનું નામ ખોટું બોલો તો કયાં પહોંચી જઈએ. સાચું બોલે તે સાચી જગ્યાએ જાય. ખોટું બોલો તો ખોટી જગ્યાએ જાઉં. અને કંઈ ન બોલો તો ત્યાં ને ત્યાં જ રહો. એવી જ રીતે આપણે પણ સંસારરૂપી કુંભ મેળામાં ભૂલા પડયા છીએ. આજથી નહિ પણ કરોડો જન્મથી ભૂલા પડયા છીએ. ગમે ત્યાં જન્મ લઈને દુઃખી થઈએ છીએ અને પછી માનવ જન્મ આવે ને કોઈ પૂછે તમે કોણ છો ? તો ૯૯% ને ખબર નથી હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? મારું વાસ્તવિક સ્વરૂપ શું છે ? તો આપણે સત્સંગમાં જઈએ અને અંદર ઊતારીને ધર્મના સ્વરૂપને જાણીએ. ધ્રીતિ ધર્મનું લક્ષણ આપણે સમજીને સંસારરૂપી કુંભના મેળાને જાણીએ. આપણા પિતા કોણ છે ? પરમાત્મા. તમે તેને નહિ ઓળખો તો ભટકવાનું ચાલુ જ રહેશે. આપણે ધર્મને ઓળખીને

ધર્મનું પ્રથમ લક્ષણ જાણીએ. ધર્મથી શું લાભ થાય છે ? આપણે ધર્મ વિશે વિચારી રહ્યા છીએ. માનવ જીવનમાં ધર્મના દસ લક્ષણ બતાવ્યા છે.

**ध्रीति क्षमो दमोस्तेय शोश्यं**
**रुन्द्रिय निम्रह धीर विद्या सत्यमे**
**अक्रोध दशकम धर्म लक्षणं ।**


**૧. પહેલું લક્ષણ**

પ્રત્યેક માનવના દુઃખ દૂર કરી સુખ આપવા માટે ભગવાને દસ લક્ષણ બતાવ્યા છે. પ્રથમ ધર્મનું લક્ષણ છે. ધ્રીતિ જીવનની અંદર ધર્મના સત્કાર્યમાં જે કાર્ય પ્રારંભ કરો છો તે પૂર્ણ કરવા માટે ભક્તિમાં વિઘ્ન આવે તો એ કાર્ય કયારેય છોડવું નહિ. ધીરજ રાખીને આગળ વધવું. ભગવાનની ભક્તિ કરતા હોઈએ તો જયાં સુધી ભગવાનનું દર્શન ન થાય ત્યાં સુધી શરૂ રાખવું. જ્ઞાન મેળવવું હોય તો જ્ઞાન ન થાય ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો. જયાં સુધી કપાસ ખેતરમાંથી ઘરે ન આવે ત્યાં સુધી મહેનત શરૂ રાખવી. તે કાર્ય પૂર્ણ થશે ત્યારે દુઃખથી છૂટીને એ જ દિવસે સુખની પ્રાપ્તિ થશે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ભાંભણ ગામ, તા. બોટાદ સ્વ. ગોરધનભાઈ અમરશીભાઈ કોશીયા (ઉંમર વર્ષ ૮૨) સંવત ૨૦૭૩ કારતક વદ ૭ તા. ૨૦/૧૧/૨૦૧૬ ને રવિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**




**:: ગેટનાં સૌજન્ય ::**

**શ્રી ભીખાભાઈ નાગજીભાઈ સુતરીયા** — **શ્રી વનુભાઈ નાગજીભાઈ સુતરીયા**
**શ્રી ઘનશ્યામભાઈ ભીખાભાઈ સુતરીયા** — **શ્રી મેહુલભાઈ વનુભાઈ સુતરીયા**
**શ્રી હિતેશભાઈ ભીખાભાઈ સુતરીયા** — **શ્રી હાર્દિકભાઈ વનુભાઈ સુતરીયા**

**મુ.પો. પાલડી, તા. શિહોર, જિ. ભાવનગર**

ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ર્ગુરૂર્દેવો મહેશ્વર; ।
ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥


ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**અનંત કોટી બ્રહ્માંડ નાયક શ્રી સચ્ચિદાનંદ ભગવાનની અસીમ કૃપાથી પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી ની અમીદ્રષ્ટિથી તેમજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીના આશિર્વાદથી ભાવનગર શહેરના આંગણે વિક્રમ સંવત ૨૦૭૩ પોષ સુદ બીજ શનિવાર તા. ૩૧-૧૨-૨૦૧૬ના શુભ દિવસે સમસ્ત અખંડાનંદ મહિલા મંડળ, ભાવનગર દ્વારા ભગવત્પ્રબોધ નો અદ્‌ભુત જ્ઞાનભંડાર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું સુંદર આયોજન કરવાનું અમને સદ્‌ભાગ્ય સાંપડયુ છે.**

## વ્યાસપીઠ પર બિરાજશે

**પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી માધવપીઠાધીશ્વર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી વ્યાસપીઠ પર બીરાજી કર્મ, ભક્તિ અને જ્ઞાનથી ભરપુર સરળ ગુજરાતી ભાષામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના અમૃતમય ઉપદેશનું રસપાન કરાવશે તો આ પાવન વાતાવરણમાં સહભાગી થવા જીવ – જગત ને જગદીશનો સંબંધ સમજાય અને જીવન સચ્ચિદાનંદમય બને તેવી પવિત્ર કામના સાથે દિવ્ય મંગલમય અવસર પર જ્ઞાનગંગાનો લાભ લેવા આપ સૌને ભવરોગ વિનાશી ભાગવત કથામાં પધારો તેવું અમારૂ ભાવભર્યુ નિમંત્રણ છે.**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં સંત મહાત્માઓ પણ પધારશે અને દર્શન, સંત્સંગનો લાભ આપશે.**

### ॥ કથાના અલૌકિક પાવન પ્રસંગો ॥

**પોથીયાત્રા**
તા. ૩૧-૧૨-૨૦૧૬, પોષ સુદ બીજ,
શનિવાર, સવારે ૮.૦૦ કલાકે.
સ્થળઃ પ્લોટ ૨૩૦ એ/બી, વિજયરાજ નગર
શેરી નં.૫,આદર્શ સોસાયટી, ભાવનગર.
શ્રી સવજીભાઈ રામજીભાઈ મોણપરા

**કથા પ્રારંભ**
તા. ૩૧-૧૨-૨૦૧૬, પોષ સુદ બીજ,
શનિવાર, સવારે ૧૦.૦૦ કલાકે.



વક્તાશ્રી

**શ્રી કૃષ્ણ જન્મોત્સવ**
તા. ૦૪-૦૧-૨૦૧૭, પોષ સુદ છઠ્ઠ,
બુધવાર, સાંજે ૫.૦૦ કલાકે.

**પૂર્ણાહુતિ**
તા. ૦૬-૦૧-૨૦૧૭,
પોષ સુદ આઠમ, શુક્રવાર

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી વેદાન્તાચાર્ય**

:: કથા સમય ::
સવારે ૯ થી ૧૨
બપોરે ૩ થી ૫

:: આયોજક ::
સમસ્ત અખંડાનંદ મહિલા મંડળ,
ભાવનગર.

**કથા સ્થળ**
પ્રગતિ મંડળની મોટી વાડી, વિજયરાજનગર,
શિવોહં નગર, શ્રી માધવાનંદ આશ્રમની સામે,
આર.ટી.ઓ. રોડ, ભાવનગર.

ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ર્ગુરૂર્દેવો મહેશ્વર; ।
ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥


ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

પાલડી ગામના આંગણે...

# ૧૩૯ મો નિર્વાણ જયંતિ મહોત્સવ

**સ્વસ્તિ શ્રી ગામ ............... મહાશુભ સ્થાને બિરાજમાન સ્વામીજી મહારાજશ્રીના ચરણોપાસક સેવક...**

જયશ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદ થાય છે કે સચ્ચિદાનંદ પરમાત્માની અસીમ કૃપાથી આ વર્ષે અનન્તકોટી બ્રહ્માંડનાયક આર્ય- દિવાકર યતીન્દ્રવર્ય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો **'૧૩૯' મો નિર્વાણ જયંતિ મહોત્સવ** સંવત ૨૦૭૩ ના માગશર વદ સાતમને મંગળવાર તા. ૨૦-૧૨-૨૦૧૬ ના રોજ સૌરાષ્ટ્રની ધીંગી ધરતીમાં જયાં અવતાર લેવાનું સ્વયં ઈશ્વર પણ પસંદ કરે છે, જો કે ભગવાન તો રસસ્વરૂપ છે નિર્ગુણ છે. પરંતુ સંત મહાપુરૂષોમાં અપરોક્ષ રીતે મૂર્ત સ્વરૂપે બિરાજે છે તો તેવા પરમ પૂજ્ય વૈદિક પરિપૂર્ણ ધર્મધૂરંધર પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સર્વે સેવકના હૃદયમાં પ્રેમમૂર્તિ રૂપે બિરાજતા સદ્‌ગુરૂ ભગવાન શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી ના આશિર્વાદથી **પાલડી ગામના આંગણે** પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

તો આ પ્રસંગે સંતો-મહંતો-મહામંડલેશ્વરો તથા વિદ્વાન મહાપુરૂષો પધારશે, તો આ મંગળમય પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન, અર્ચન, દર્શન તથા આશિર્વચનનો અમૂલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ-બહેનોને ભાવભર્યુ આમંત્રણ છે, તો અવશ્ય લાભ લેવા પધારશોજી.

**: શોભાયાત્રા :**

**તા.૧૯/૧૨/૨૦૧૬ને સોમવારે બપોરે ૨.૦૦ કલાકે.**

## નિર્વાણ જયંતિ મહોત્સવ કાર્યસુચિ

### તારીખ ૨૦/૧૨/૨૦૧૬ને મંગળવાર

- પ્રાતઃ કાલ : ૪.૩૦ થી ૬.૦૦ પ્રભાતિયા
- સવારે : ૬.૦૦ થી ૭.૩૦ શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ
- સવારે : ૭.૩૦ થી ૮.૩૦ ચા-પાણી નાસ્તો
- સવારે : ૮.૩૦ થી ૯.૩૦ શ્રી સદ્‌ગુરૂ પૂજન
- સવારે : ૯.૩૦ થી ૧૦.૦૦ સંતોનું સ્વાગત-સન્માન

સવારે : ૧૦.૦૦ થી ૧૨.૩૦ મહાપુરૂષોનું
પ્રવચન-શ્રદ્ધાંજલિ વિષય-ગુરૂભક્તિ

### બપોરે

- મહાપ્રસાદ : ૧૨-૩૦ થી ૨-૦૦
- ભજન-કીર્તન : ૨-૦૦ થી ૩-૦૦
- સંતોના પ્રવચન(ગુરૂભક્તિ) : ૩-૦૦ થી ૫-૩૦
- આરતી-ધોળ : ૫-૩૦ થી ૬-૦૦

### સાંજે

- ભોજન તથા સેવક પરિવાર મિલન : ૬-૦૦ થી ૮-૦૦
- પ્રાર્થના-કીર્તન-પ્રવચન-ધૂન-ગરબી : ૮-૦૦ થી ૧૨-૦૦

:: નિમંત્રક ::

**સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, પાલડી**

મુ. પાલડી, તા. શિહોર, જી. ભાવનગર, સૌરાષ્ટ્ર. (ગુજરાત)
સંપર્ક સુત્ર : શ્રી માધવાનંદ આશ્રમ - ૯૪૨૮૯ ૫૯૧૦૫, શ્રી લાભુભાઈ - ૯૮૨૫૦ ૫૭૯૧૯

# સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



**પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (રંગાકૂઈ)**

- કથા પ્રારંભ : કારતક વદ ૧૩ ને રવિવાર તા. ૨૭-૧૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : માગશર સુદ ૨ ને ગુરૂવાર તા. ૧-૧૨-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : માગશર સુદ ૪ ને શનિવાર તા. ૩-૧૨-૨૦૧૬
- આયોજક : શ્રી શંકરભાઈ ડુંગરભાઈ ચૌધરી, શ્રી ચિમનભાઈ શિવરામભાઈ પટેલ, શ્રી સનાભાઈ ગંગારામ ચૌધરી, મો. ૯૪૨૮૮ ૫૧૭૭૩, ૯૯૨૫૦ ૧૫૦૮૯
- કથા સ્થળ : મુ. તાતોસણ, જી. મહેસાણા, તા. વિજાપુર.

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (રંગાકૂઈ)**

- કથા પ્રારંભ : માગશર સુદ ૧૩ ને સોમવાર તા. ૧૨-૧૨-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : માગશર વદ ૩ ને શુક્રવાર તા. ૧૬-૧૨-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : માગશર વદ ૫ ને રવિવાર તા. ૧૮-૧૨-૨૦૧૬
- આયોજક : શ્રી ભરતભાઈ પ્રભુભાઈ ચૌધરી, શ્રીધીરૂભાઈ જોઈતાભાઈ ચૌધરી
- કથા સ્થળ : મુ. રંગાકૂઈ, તા. વિસનગર, જી. મહેસાણા. મો. ૯૯૭૯૨ ૪૯૫૭૪, ૯૭૨૬૨ ૧૫૧૨૨

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (કામલપુરા-ગોઠવા)**

- કથા પ્રારંભ : માગશર વદ ૯ ને ગુરૂવાર તા. ૨૨-૧૨-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : માગશર વદ ૧૩ ને સોમવાર તા. ૨૬-૧૨-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : માગશર વદ ૧૪ ને બુધવાર તા. ૨૮-૧૨-૨૦૧૬
- આયોજક : શ્રી રમેશભાઈ બાબુભાઈ ચૌધરી, શ્રી ગણેશભાઈ બાબુભાઈ ચૌધરી, શ્રી શંભુભાઈ કાનજીભાઈ ચૌધરી, મો. ૯૪૨૬૩ ૩૪૧૪૭, ૮૪૦૧૭ ૬૯૩૦૫
- કથા સ્થળ : મુ. કામલપુરા (ગોઠવા), તા. વિસનગર, જી. મહેસાણા.

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (રાણપુર)**


- કથા પ્રારંભ : પોષ સુદ ૧ ને શુક્રવાર તા. ૩૦-૧૨-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : પોષ સુદ ૫ ને મંગળવાર તા. ૩-૧-૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : પોષ સુદ ૭ ને ગુરૂવાર તા. ૫-૧-૨૦૧૭
- આયોજક : શ્રી રણછોડભાઈ રામજીભાઈ ડાભી, મીલન મંડપ સર્વિસ, કૃષ્ણનગર-૨, શાહભાઈ જીનમાં.
- કથા સ્થળ : મુ. રાણપુર, જી. અમદાવાદ. મો. ૯૯૨૫૮ ૬૭૧૯૦



**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૧૧/૧૨/૨૦૧૬ ને રવિવારે પૂનમ આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં શ્રી હસમુખભાઈ કરશનભાઈ નકુમ તરફથી ઉજવવામાં આવશે જેમાં પૂ. સ્વામી બ્રહ્માનંદ સાગરજી મહારાજ હાજર રહેશે.
- તા. ૧૨/૧૨/૨૦૧૬ થી કંથારીયા પધારશે.
- તા. ૧૫/૧૨/૨૦૧૬ થી લીંબાસી પધારશે.
- તા. ૧૭/૧૨/૨૦૧૬ થી ખાંધલી તથા હેરંજ પધારશે.
- તા. ૨૨/૧૨/૨૦૧૬ થી પીપળીયા (સ્વામીના) પધારશે.
- તા. ૩૧/૧૨/૨૦૧૬ થી ભાવનગર પધારશે.

## સત્સંગ સમાચાર પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૪/૧૨/૨૦૧૬ ચાણોદ થી પાલડી.
- તા. ૨૦/૧૨/૨૦૧૬ પાલડી પરમ પુજ્ય સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ.
- તા. ૨૧/૧૨/૨૦૧૬ પાલડી થી ચાણોદ.
- તા. ૩૦/૧૨/૨૦૧૬ ચાણોદ થી ભાવનગર.
- તા. ૩૧/૧૨/૨૦૧૬ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પ્રારંભ ભાવનગર.
- તા. ૬/૧/૨૦૧૭ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પૂર્ણાહૂતિ
- તા. ૭/૧/૨૦૧૭ નાં રોજ ભાવનગર થી ચાણોદ.
- તા. ૮/૧/૨૦૧૭ નાં રોજ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ ચાણોદ.



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૧-૧-૨૦૧૭ થી તા. ૩૧/૧/૨૦૧૭ સુધી પ્રેમપુરી સત્સંગ મંડળ, શિવમ એપાર્ટમેન્ટ, મિસ્ત્રી કોમ્પલેક્ષ, ઓમનગર ચાર રસ્તા પાસે, જે.બી. નગર, અંધેરી ઈસ્ટ, મુંબઈ.
- શ્રીમદ્ ભગવદ ગીતા ભાસ્ય તથા બૃહદારણ્યકોપનિષદ ભાસ્ય પર સ્વાધ્યાય પ્રવચન કરશે. સમય : સવારે ૭.૩૦ થી ૮.૦૦ અને સાંજે ૫.૩૦ થી ૬.૩૦


**ચાલો ચાંદોદ** **II ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ II** **ચાલો ચાંદોદ**

# શ્રી માધવાનંદ આશ્રમ

## સંચાલિત

## સ્વામી શ્રી અખંડાનંદ સાગર ઔષધાલય આયોજીત

**II અધ્યક્ષ II**

**પરમ પૂજ્ય અનન્ત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ**

# મફત નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ નિદાન કેમ્પ

**તા. ૦૮-૦૧-૨૦૧૭ ને રવિવાર**
**સવારે : ૯:૦૦ થી ૧:૦૦**

**કેમ્પના આર્થિક સહયોગી :- સ્વ. જયંતિભાઈ રામભાઈ પટેલ (ગામ–ઓઝરાળાવાળા)**
**હસ્તક શ્રી નિર્વાગભાઈ જયંતિભાઈ પટેલ (વડોદરા)(હાલ–કેનેડા)**

**દાંતના ડૉ. વૈદ્ય : ડૉ. મધુભાઈ બી. ઉપાધ્યાય**

**સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, દયારામ પુરી, ચાંદોદ, પોસ્ટ ઓફિસની સામે,**
**તા. ડભોઈ, જી. વડોદરા, ફોન :- ૦૨૬૬૩-૨૩૩૩૬૨, ૯૮૨૫૧ ૨૦૬૨૧**

**સ્વામી શ્રી અખંડાનંદ સાગર ઔષધાલય રાહત દરનું દવાખાનું**
**શંકરા આઈ હોસ્પિટલના સહયોગથી**
**મુ. મોગર ગામ, આણંદ, નેશનલ હાઈવે નં. ૮, ફોન : (૦૨૬૯૨) ૨૮૦૪૫૦, ૨૮૦૪૬૦**



તા. ૧/૧૧/૨૦૧૬ ના રોજ શ્રીમદ્ ભાગવત પોથીયાત્રા પ્રસંગે આકરૂ ધામમાં પદયાત્રા કરતાં પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી તેમજ બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય તેમજ સેવક સમુદાય...

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**

## ચમારડી ગામમાં દિવાળી શુભ મહોત્સવ...








**સંવત ૨૦૭૩ સોમવાર તા.૩૧/૧૦/૨૦૧૬ નુતન વર્ષ (બેસતું વર્ષ) માં ચમારડી ગામમાં આશીર્વાદ આપતા પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય...**

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-